# પ્રકરણ : ૨૯

# દુઃખ મટાડવા માટે ઈચ્છાનુસાર સાધનના ઉપાયનું જૂઠાપણું

**પ્રકરણની રૂપરેખા**


✿ પ્રાસ્તાવિક

**૧. અનાદિ અજ્ઞાની જીવનો દુઃખ મટાડવા માટેનો એક માત્ર ઉપાય : ઈચ્છાનુસારનું સાધન**

૧.૧. સુખ-દુઃખના લક્ષણ અને ઉત્તરોત્તર કારણ દર્શાવતો કોઠો

૧.૨. અજ્ઞાની જીવના દુઃખ મટાડવા માટે ઈચ્છાનુસારના સાધનનો જ ઉપાય કરવાના કારણો

૧.૨.૧. દુઃખનું સીધું અને પ્રત્યક્ષ કારણ : ઈચ્છાઓનો સદ્ભાવ

૧.૨.૨. ઈચ્છાનુસારના કહેવાતા સાધનથી કહેવાતા સુખનો અનુભવ

૧.૨.૩. ઈચ્છાનુસારમાં સાધન સિવાય અન્ય ઉપાયની જાણ નથી અને જાણ થાય તોય તેનો ભરોસો નથી.

**૨. ઈચ્છાઓનું એક માત્ર સાધન : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ**

૨.૧. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ એટલે શું ?

૨.૨. ઈચ્છા એટલે શું ? ઈચ્છાના ત્રણ પ્રકાર અને તેનું સ્વરૂપ

૨.૨.૧. પરવિષયોને ભોગવવાની ઈચ્છા

૨.૨.૨. કષાય અનુસાર કાર્ય થવાની ઈચ્છા

૨.૨.૩. પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા

૨.૩ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન કઈ રીતે ?

૨.૩.૧. વિષયની ઈચ્છાનું સાધન

૨.૩.૨. કષાયની ઈચ્છાનું સાધન

૨.૩.૩. પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છાનું સાધન

**૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું સાધન સંભવતું નથી**

૩.૧. ઈચ્છાઓની અગાધતા

૩.૨. ઈચ્છાનુસારનો ભોગવટો થતો નથી

૩.૩. પરવિષયો ભોગવી શકાતા જ નથી

૩.૪. ઈચ્છાઓનું સાધન યુગપદ્ થતું નથી

૩.૫. ઈચ્છાનુસારના સાધનથી ઈચ્છા ટળવાને બદલે તેની વૃદ્ધિ જ થાય છે.

✿ ઉપસંહાર


(આર્યા)

दुःखाद्बिभेषि नितरामनिवांच्छसि सुखमतोऽहमप्यात्मन् ।

दुःखापहारी सुखकरमनुशास्मि तवानुमतमेव ।।

**ભાવાર્થઃ હે આત્મન ! તું દુઃખથી ઘણો ડરે છે અને સર્વ પ્રકારે સુખને જ ઈચ્છે છે. પરંતુ તું દુઃખ મટાડી સુખને પ્રાપ્ત કરવાનો જે ઉપાય કરે છે તે સઘળો જૂઠો છે, તે તને સમજાવવામાં આવે છે. તેમ જ દુઃખને નાશ કરવાવાળો અને સુખને જ પ્રાપ્ત કરવાવાળો વાંછિત ઉપદેશ તને આપવામાં આવે છે તો તેને નિર્ભયપણે અનુસર.**

(આત્માનુશાસન : શ્લોક ૨)



આ જીવ સર્વ પ્રકારે સુખને જ ઈચ્છે છે અને દુઃખથી ડરે છે. તેની સઘળી પ્રવૃત્તિ દુઃખ ટાળી સુખ મેળવવા માટેની હોય છે. દુઃખનું સીધું અને પ્રત્યક્ષ કારણ જીવની અનેક પ્રકારની ઈચ્છાઓ છે. અજ્ઞાની જીવ આ ઈચ્છાઓના સાધનમાં જ પોતાનું સુખ સમજે છે. ઈચ્છાનુસારનું સાધન થતાં તેને સાક્ષાત્ સુખનો અનુભવ થાય છે. તેથી તે સુખ મેળવવા માટે ઈચ્છાનુસારના સાધન સિવાયનો બીજો કોઈ ઉપાય વિચારતો જ નથી. પરંતુ ખરેખર તો ઈચ્છાઓનું કોઈ સાધન જ નથી. અને કહેવાતા ઈચ્છાનુસારના સાધનથી જે સુખ જણાય છે તે પણ એક ભ્રાંતિ જ છે અને વાસ્તવિકતા નથી. વાસ્તવિક સુખ આકુળતા વિનાનું હોય છે. કહેવાતા ઈચ્છાનુસારના સાધનથી આકુળતા બિલકુલ મટતી નથી અને તે ઊલટાની વધે જ છે. તેથી આ જીવ એક સમયને માટે પણ આકુળતા વગરનો હોતો નથી. તેથી તેને જે સુખ જણાય છે તે એક ભ્રાંતિ જ છે. ભ્રાંતિજન્ય સુખને જ વાસ્તવિક સુખ માની લેવામાં આવે તો સાચા સુખનો ઉપાય થઈ શકે નહિ. તેથી શ્રી ગુરુ કરુણા કરીને દુઃખનો નાશ કરવાવાળો અને સુખને પ્રગટાવનારો સદ્ઉપદેશ આપે છે. તેને નિર્ભયપણે અનુસરવાનું કહેવામાં આવે છે.

સંસારરસિક અજ્ઞાની જીવને એવો ભય હોય છે કે શ્રી ગુરુ મારું વર્તમાનનું સાંસારિક સુખ છોડાવીને આત્મિક સુખ માટેનું સાધન કરાવશે. હવે આત્મિક સુખ તો મળે કે ન મળે પણ તે માટે અત્યારનું સાંસારિક સુખ છોડી દેવાથી अतो भ्रष्ट ततो भ्रष्ट ।થઈ જવાશે. એટલે કે આત્મિક સુખના કોઈ ઠેકાણા નથી અને તે મળ્યા પહેલાં સાંસારિક સુખ છોડી દેવાથી એકેયના ન રહીએ. આવા 'ભવાભિનંદી' પણ ભવ્ય આત્માને શ્રી ગુરુ કરુણાથી કહે છે કે, હે ભાઈ ! એવો નિષ્કારણ ભય ન રાખ. તારુ સાંસારિક સુખ અમારે છોડાવવું નથી. ખરેખર તો આત્મિક સુખનો ઉપાય કરવાથી સાંસારિક સુખ ન હોય તોપણ દોડતું આવે છે. આત્મિક સુખની 'ઉપપેદાશરૂપ સાંસારિક સુખ આપોઆપ પ્રાપ્ત થાય છે. તેથી તારું કહેવાતું સુખ અકબંધ રાખીને તારા જે કોઈ દુઃખ છે તે જ અમારે દૂર કરાવવું છે. આ દુઃખ

દૂર કરવા માટે તું જે કોઈ ઉપાય કરી રહ્યો છે તે તદ્દન જૂઠો છે. તેની પ્રતીતિ તને અણાવવી છે. સુખ મેળવવા માટેનો ઉપાય એકદમ જૂઠો છે તેવી પ્રતીતિ થશે તો સાચો ઉપાય શોધવા માટે તું ઉદ્યત થશે.

આ પ્રકરણમાં દુઃખ મટાડવાના ઉપાયોનું જૂઠાપણું બતાવવામાં આવે છે. અને આ પછીના પ્રકરણઃ ૩૦માં આવા ઉપાયથી સુખ મળતું ન હોવા છતાં સુખની ભ્રાંતિ થાય છે તેનું કારણ સમજાવવામાં આવશે. ત્યાર પછી સાચા સુખનો ઉપાય પ્રકરણઃ ૩૧માં બતાવવામાં આવશે. સૌ પ્રથમ દુઃખ મટાડવા માટે જે ઉપાય કરવામાં આવે છે તે જૂઠો છે તે આ પ્રકરણમાં નીચેના મુદ્દા અનુસાર સમજાવવામાં આવે છે.



૧. અજ્ઞાની જીવનો દુઃખ મટાડવા માટેનો એક માત્ર ઉપાય : **ઈચ્છાનુસારનું સાધન**

૨. ઈચ્છાઓનું એક માત્ર કહેવાતું સાધન : **પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ**

૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન સંભવતું નથી

## ૧. અજ્ઞાની જીવનો દુઃખ મટાડવા માટેનો એક માત્ર ઉપાય : ઈચ્છાનુસારનું સાધન

(અનુષ્ટુપ)

न जातु कामः कामनाम् , उपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव, भूय एवाभिवर्धते ।।

**ભાવાર્થઃ જેમ આહુતિ આપવાથી અગ્નિ શાંત થતો નથી અને વધે છે. તેમ ઈચ્છાનુસારનો ભોગવટો કરવાથી ઈચ્છાઓ શાંત થતી નથી અને વધે છે.**

(વેદવ્યાસકૃત મહાભારતમાં યયાતિનું કથન)

જેમ યજ્ઞના અગ્નિકુંડમાં ઘી વગેરે હોમવાથી અગ્નિ શાંત થતો નથી અને વધુ ભડકી ઉઠે છે તેમ આત્માના ઈચ્છારૂપી અગ્નિકુંડમાં પૈસા, મકાન, ભોજન, સ્ત્રી વગેરે વિષયોની ઈચ્છાનુસારનો ભોગવટો કરવાથી ઈચ્છાઓ શાંત થતી નથી અને વધુ ભડકી ઉઠે છે. જગતમાં કેટલાંક રોગ એવા અસાધ્ય હોય છે કે તેનો કોઈ ઉપચાર જ હોતો નથી. આવા રોગ મટી જાય તેવી કોઈ દવા જ નથી. તેની દવા ક્ષણિક રાહત આપનારી પીડાશામક (PAIN KILLER) જ હોય છે. આવા પીડાશામકથી રોગ જરાય મટતો નથી અને એકંદરે વધુ જ વકરે છે. તેથી આવા અસાધ્ય રોગ માટેનો એક જ ઉપાય છે કે આ રોગનું મૂળ કારણ શોધી તેનો જ નાશ કરવો કે જેથી રોગની ઉત્પત્તિ જ ન થાય. તેમ ઈચ્છા નામનો રોગ એવો અસાધ્ય છે કે તેનો કોઈ ઉપચાર જ નથી. ઈચ્છાની પૂર્તિ થાય તેવી કોઈ સંભાવના જ નથી. ઈચ્છાનુસારનું સાધન કરવાથી ઈચ્છાની પૂર્તિ બિલકુલ થતી નથી. ઉપરાંત આવા સાધનથી ઈચ્છાઓ શાંત થવાના બદલે એકંદરે વધુ જ વકરે છે. તેથી ઈચ્છા નામના અસાધ્ય રોગ માટેનો એક જ ઉપાય છે કે આ ઈચ્છાઓનું મૂળ કારણ શોધી તેનો જ નાશ કરવો કે જેથી ઈચ્છાઓની ઉત્પત્તિ જ ન થાય.

ઈચ્છાઓનું મૂળ કારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ મટતાં ઈચ્છાઓ અને તેના કારણે થતું આકુળતામય દુઃખ મટે છે. પરંતુ અજ્ઞાની જીવ પોતાનું દુઃખ મટાડવા માટે મિથ્યાત્વનો નાશ કરવાને બદલે ઈચ્છાઓ અનુસારનું સાધન કરવાનો જ ઉપાય કરે છે. ઈચ્છાઓની પૂર્તિ, ઈચ્છાનુસારનો ભોગવટો કે ઈચ્છાનુસારના કાર્યને ઈચ્છાનુસારનું સાધન કહે છે. અનાદિકાળથી ઈચ્છાનુસારનું સાધન કરતા રહેવા છતાં કોઈ જીવની કિંચિત્ પણ ઈચ્છા અને તેના કારણે થતું દુઃખ ક્યારેય ટળ્યું નથી. તેથી અજ્ઞાનીનો આ ઉપાય જૂઠો છે. અજ્ઞાની જીવ શા માટે આવો જૂઠો જ ઉપાય કરે છે તે સમજવા માટે અગાઉના પ્રકરણ : ૨૮નો દુઃખ-સુખનું લક્ષણ અને તેનાં ઉત્તરોત્તર કારણો દર્શાવતો કોઠો ફરીથી જોઈએ છીએ. જે નીચે મુજબ છે.



## ૧.૧. દુઃખ-સુખનું લક્ષણ અને તેનાં ઉત્તરોત્તર કારણો દર્શાવતો કોઠો

| દુઃખ | | સુખ |
|---|---|---|
| આકુળતા | ← લક્ષણ → | નિરાકુળતા |
| ઇચ્છાનો સદ્ભાવ | ← કારણ → | ઇચ્છાનો અભાવ |
| સ્વભાવ પ્રતિઘાતનો સદ્ભાવ | ← કારણ → | સ્વભાવ પ્રતિઘાતનો અભાવ |
| પરચારિત્ર | ← કારણ → | સ્વચારિત્ર |
| રાગભાવ | ← કારણ → | વીતરાગ ભાવ |
| મિથ્યાત્વ | ← કારણ → | સમ્યક્ત્વ |

ઉપરોક્ત કોઠા અનુસાર દુઃખનું લક્ષણ આકુળતા અને તેનું ઉત્તરોત્તર મૂળ કારણ મિથ્યાત્વ છે. સુખનું લક્ષણ નિરાકુળતા અને તેનું ઉત્તરોત્તર મૂળ કારણ સમ્યક્ત્વ છે. તેથી દુઃખ ટાળી સુખ પ્રગટાવવા માટે મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વ પ્રગટાવવું જોઇએ. તેથી ઇચ્છાઓ અને તેના કારણે થતા આકુળતામય દુઃખનો અભાવ થઇ નિરાકુળ સુખની પ્રાપ્તિ થાય છે. પરંતુ અજ્ઞાની જીવ ઇચ્છાઓ અને તેના કારણે થતા આકુળતામય દુઃખને મટાડવા માટે ઇચ્છાઓના મૂળ કારણ મિથ્યાત્વને મટાડવાને બદલે



ઇચ્છાઓની પૂર્તિ કે તેનું સાધન કરવાનો જ ઉપાય કર્યા કરે છે. અજ્ઞાની જીવને ભૂખ લાગે અને ખાવાની ઇચ્છા થાય ત્યારે ભૂખ ભાંગવા માટે ભાવતા ભોજન મેળવવાનો ઉપાય કરે છે પણ ભૂખ લાગે તોપણ ખાવાની તીવ્ર ઇચ્છા જ ન થાય અને કિંચિત્ થાય તોપણ તેની કોઇ પીડા ન થાય તેવો કોઇ ઉપાય કરતો નથી. એટલે કે ઇચ્છાનુસારના ભોગવટાનો ઉપાય કરે છે પણ ઇચ્છાઓ જ ઉત્પન્ન ન થાય તેવો કોઇ ઉપાય કરતો નથી. વાસ્તવમાં ઇચ્છાઓનું કોઇ સાધન જ નથી. તેથી સુખી થવા માટે ઇચ્છાઓનો અભાવ કરવો અને તે માટે મિથ્યાત્વનો નાશ કરવો તે એક જ ઉપાય છે. પરંતુ અજ્ઞાની જીવ દુઃખ મટાડવા માટે ઇચ્છાનુસારના સાધનનો જ એક માત્ર ઉપાય કર્યા કરે છે.

## ૧.૨. અજ્ઞાની જીવનો દુઃખ મટાડવા માટે ઇચ્છાનુસારના સાધનનો જ ઉપાય કરવાના કારણો

પ્રત્યેક જીવનું એક માત્ર પ્રયોજન પોતાનું અનાદિથી ચાલ્યું આવતું દુઃખ દૂર કરવાનું છે. અજ્ઞાની જીવ પણ પોતાનું દુઃખ દૂર કરવા માટે નિરંતર ઉપાય કર્યા કરે છે પણ તેનો ઉપાય એક માત્ર ઇચ્છાનુસારના સાધનનો જ હોય છે, તેના મુખ્યત્વે ત્રણ કારણો નીચે મુજબ છે—

૧.૨.૧. દુઃખનું સીધું અને પ્રત્યક્ષ કારણ : ઇચ્છાઓનો સદ્ભાવ

૧.૨.૨. ઇચ્છાનુસારના સાધનથી કહેવાતા સુખનો અનુભવ

૧.૨.૩. ઇચ્છાનુસારના સાધન સિવાય અન્ય ઉપાયની જાણ નથી અને જાણ હોય તો તેનો ભરોસો નથી

### ૧.૨.૧. દુઃખનું સીધું અને પ્રત્યક્ષ કારણ : ઈચ્છાઓનો સદ્ભાવ

ઉપરોક્ત કોઠા અનુસાર દુઃખનું સૌથી નજીકનું અને સીધું કારણ ઈચ્છાઓનો સદ્ભાવ છે. અજ્ઞાની જીવને દુઃખનું પ્રત્યક્ષ કારણ ઈચ્છા જ પ્રતિભાસે છે. તેથી તે આ ઈચ્છાઓની પૂર્તિ કરવાનો, ઈચ્છાનુસારનું કાર્ય કરવાનો કે ઈચ્છાઓ અનુસારનો ભોગવટો કરવાનો જ ઉપાય કરે છે. આવા ઈચ્છાનુસારના સાધનથી અજ્ઞાનીને ક્ષણિક રાહત પણ જણાય છે. તેથી દુઃખ મટાડવા માટે ઈચ્છાઓના સાધનનો જ ઉપાય કરવામાં આવે છે.


### ૧.૨.૨. ઈચ્છાનુસારના સાધનથી કહેવાતા સુખનો અનુભવ

અજ્ઞાની જીવ ઈચ્છાઓની પૂર્તિ, ઈચ્છાનુસારનું કાર્ય કે ભોગવટો કરવા જેવું જે ઈચ્છાઓનું સાધન કરે છે, તેનાથી તેને સાક્ષાત્ સુખનો અનુભવ થાય છે. વાસ્તવમાં આ કહેવાતું સુખ મોહજન્ય રતિભાવ હોય છે અને પરમાર્થે દુઃખ જ હોય છે. તેની ચર્ચા આ પછીના પ્રકરણ : ૩૦ :માં કરવામાં આવશે. પણ પોતાના અજ્ઞાનના કારણે અજ્ઞાની જીવ આ બાબત સમજી શકતો નથી. તેથી પોતે દુઃખ

મટાડવા માટેનો ઉપાય જૂઠો કરતો હોવા છતાં તે ઉપાય સાચો છે તેવી ભ્રમણા બની રહે છે. આ રીતે પણ અજ્ઞાની જીવ દુઃખ મટાડવા માટે ઈચ્છાનુસારના સાધનનો જ ઉપાય કર્યા કરે છે.

### ૧.૨.૩. ઈચ્છાનુસારના સાધન સિવાય અન્ય ઉપાયની જાણ નથી અને જાણ હોય તો તેનો ભરોસો નથી

અજ્ઞાની જીવ દુઃખ મટાડવા માટે ઈચ્છાનુસારના સાધનનો જ ઉપાય કરે છે. તેને આવા જ ઉપાયનો પરિચય અને અનુભવ છે. અજ્ઞાની જીવો માંહોમાંહે આવા ઉપાય માટે જ એકબીજાને ઉપદેશ આપતા ફરે છે. વળી તેને આવા ઉપાયથી પ્રત્યક્ષ સુખનો અનુભવ પણ થાય છે. તેથી તેની આ પ્રકારની માન્યતા એકદમ મજબૂત બને છે. ઈચ્છાનુસારના સાધન સિવાય દુઃખ મટાડવાનો અન્ય ઉપાય છે તેવી બહુધા અજ્ઞાનીઓને જાણ જ હોતી નથી. કદાચિત્ કોઈને તેવી વાત સાંભળવામાં આવે અને કોઈક જાણ થાય તો તેને તેનો ભરોસો આવતો નથી. તેથી તે પોતાના માનેલો ઉપાય છોડી બીજો કોઈ ઉપાય અજમાવવા તૈયાર જ થતો નથી. આ કારણે પણ અજ્ઞાની જીવ દુઃખ મટાડવા માટે એક માત્ર ઈચ્છાનુસારના સાધનનો જ ઉપાય કર્યા કરે છે. આ બાબતમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વિચારો દૃષ્ટવ્ય છે :



*"આત્મિક સુખ તો કાંઈક જુદી વસ્તુ છે, તેની ઓળખાણ થઈ નથી. અરે ! ગંધ સરખી આવી નથી, અને ઝેરને અમૃત માન્યું છે. તે સુખ પુદ્ગલથી અતીત છે, વચનથી અતીત છે, કલ્પનાથી અતીત છે. તે સુખ, પૌદ્ગલિક સુખમાં આનંદ માનનારા પાસે ઢોળવામાં આવે પણ તે સુખનો સ્વાદ–તે આનંદ તેને આવતો નથી. જે આત્મા પૌદ્ગલિક સુખથી કંટાળેલો હોય, તે સુખ જેને ખોટાં જ ભાસતાં હોય, તેને તે અમૃતપિંડ મળે છે; તેની કિંમત પણ તેને થાય છે."* (બહેનશ્રીની સાધના અને વાણી : પત્રવ્યવહાર : પાનું ૩૨)

અજ્ઞાનીની ઈચ્છાઓનું સાધન તેની પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિને કારણે હોયછે. તેની ચર્ચા હવે કરવામાં આવે છે.

## ૨. ઈચ્છાઓનું એક માત્ર સાધન : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ

(હરિગીત)

**ચક્રી અને દેવેન્દ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી**
**પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી.**

**અર્થ :** ચક્રવર્તીઓ અને દેવેન્દ્ર સુધીના સંસારી અજ્ઞાની જીવો શુભોપયોગ જેનું મૂળ છે તેવા પુણ્યોદયથી પ્રાપ્ત ઈન્દ્રિયવિષયોના ભોગથી શરીરને પુષ્ટ કરે છે. અને પુણ્યોદય અનુસારની આવી પ્રવૃતિમાં અભિરત રહી તેઓ પોતાને સુખી જેવા ભાસે છે. (પ્રવચનસાર : ગાથા ૭૩)

વિવિધ પ્રકારના શુભભાવોથી વિવિધ પ્રકારના પુણ્યો પ્રાપ્ત થાય છે. સંસારી જીવની જે તે પ્રકારની ઈચ્છાઓનું સાધન કરવામાં જે તે પ્રકારના પુણ્યો સહાયક હોય છે. પુણ્યોદય અનુસારની પ્રવૃતિથી ઈચ્છાનુસારના વિષયભોગો ભોગવી ચક્રવર્તી અને દેવેન્દ્ર સુધીના સંસારી અજ્ઞાની જીવો પોતાને સુખી સમજે છે. તેથી સંસારી અજ્ઞાની જીવોની અનેક પ્રકારની ઈચ્છાઓનું સાધન કરવા માટે આ પુણ્યોદય અનુસારની પ્રવૃતિ જ એક માત્ર ઉપાય છે.

### ૨.૧. પુણ્યોદય અનુસારની પ્રવૃતિ એટલે શું ?

**પુણ્યનો ઉદય, બહિર્લક્ષી પુરુષાર્થ, શરીરની ક્રિયા અને મોહયુક્ત પરિણામથી થતી જીવની ઈચ્છાઓના કહેવાતા સાધનને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે.**

જીવની જે કોઈ ઈચ્છાઓનું સાધન થાય છે તેમાં જીવનો બહિર્લક્ષી પુરુષાર્થ અને શરીરની ક્રિયા હોવા છતાં પુણ્યનો ઉદય નિશ્ચિતપણે સંકળાયેલો હોય છે. બહિર્લક્ષી પુરુષાર્થ અને શરીરની ક્રિયા હોય પણ પુણ્યનો ઉદય ન હોય તો ઈચ્છાઓનું સાધન થતું નથી. ઈચ્છાઓનું સાધન થવામાં થતી જીવની પ્રવૃત્તિમાં પુણ્યોદય જરૂરી હોવાથી તે પ્રવૃત્તિને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં ભાસતું સુખ એ પુણ્યોદયના કારણે થતા જીવના મોહજન્ય રતિભાવ હોય છે. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃતિમાં પુણ્યનો ઉદય, બહિર્લક્ષી પુરુષાર્થ, શરીરની ક્રિયા ઉપરાંત જીવના મોહયુક્ત પરિણામ પણ સંકળાયેલા હોય છે.

પુણ્યોદય અનુસારની પ્રવૃતિથી ઈચ્છાઓનું કહેવાતું સાધન હોય છે. આ ઈચ્છા અને તેના પ્રકાર વિષે જાણીએ.

## ૨.૨. ઈચ્છા એટલે શું ? ઈચ્છાના ત્રણ પ્રકાર અને તેનું સ્વરૂપ

**પોતાના સુખ કે શાંતિ માટે પરવિષયો મેળવવાની, સાચવવાની અને ભોગવવાની તેમજ પરપદાર્થમાં પોતાને સાનુકૂળ જણાય તેવો ફેરફાર કરવાની ભાવનાને ઈચ્છા કહે છે. પરના વલણ કે પ્રયોજનપૂર્વક થતી પર તરફની પરિણતિ એ ઈચ્છાનું સ્વરૂપ છે.**

અજ્ઞાની જીવને અનેક પ્રકારની ઈચ્છાઓ હોય છે. આ બધી ઈચ્છાઓને મુખ્યપણે ત્રણ પ્રકારમાં સમાવી શકાય છે. જે નીચે પ્રમાણે છે.



૨.૨.૧. વિષયની ઈચ્છા

૨.૨.૨. કષાયની ઈચ્છા

૨.૨.૩. પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા

## ૨.૨.૧. વિષયની ઈચ્છા

**સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ એ પાંચ ઈન્દ્રિયોના વિષયોને ભોગવવાની ભાવનાને વિષયની ઈચ્છા કહે છે.**

અજ્ઞાની જીવને સ્ત્રી સાથે રમવાની સ્પર્શેન્દ્રિય સંબંધી **કામવાસના,** વિવિધ વ્યંજનોના સ્વાદ ભોગવવાની રસનેન્દ્રિય સંબંધી **રસગૃદ્ધિતા,** સુગંધ માણવાની ઘ્રાણેન્દ્રિય સંબંધી **ગંધાસક્તિ,** ચિત્રવિચિત્ર વર્ણ દેખવાની ચક્ષુન્દ્રિય સંબંધી **વર્ણલોલુપતા** અને સુમધુર ધ્વનિ સાંભળવાની શ્રોત્રેન્દ્રિય સંબંધી **સંગીતાભિલાષા** જેવી પાંચ ઈન્દ્રિયોના વિષયસેવનની ઈચ્છા હોય છે. એક એક પ્રકારની ઈન્દ્રિયના વિષયસેવનની ઈચ્છા પણ અનેક પ્રકારે હોય છે. તેથી પાંચેય ઈન્દ્રિયોના વિષયસેવનની ઈચ્છા અનેકાનેક પ્રકારે હોય છે. વળી આ વિષયની ઈચ્છા ત્રણ લોક સંબંધી ત્રિકાળવર્તીસર્વ વિષયોને ગ્રહણ કરવાની હોય છે. તેથી હું સર્વને સ્પર્શું, સર્વને ચાખું, સર્વને સૂંઘું, સર્વને દેખું, સર્વને સાંભળું એવી સર્વગ્રાહી ઈચ્છાઓ હોય છે.

એક ઈન્દ્રિયના એક પ્રકારની ઈચ્છાથી પણ આ જીવ એટલો પીડિત હોય છે કે તે પીડાના શમન માટે તે ગમે તે કાર્ય કરે છે. અનેક પ્રકારના કષ્ટ વડે ધન ઉપજાવે પણ વિષયસેવન માટે આખા જીવનની કમાણી એક ક્ષણમાં ખર્ચીનાખે, નરકાદિના કારણરૂપ વ્યભિચારને આચરે, પાપબંધના કારણરૂપ હિંસાદિના કાર્યો કરે, ક્રોધાદિ કષાયો પણ કરે. બિચારો શું કરે ? ઈન્દ્રિય વિષયસેવન માટેની પીડા સહન ન થવાથી અન્ય કોઈ વિચાર જ આવતો નથી.

પ્રાણીઓને વિષયસેવનની આસક્તિની પીડા એટલી બધી હોય છે કે તે વિષયના ગ્રહણ માટે પોતાનું મરણ થતું જાણે તોપણ તેને ગણકારતા નથી. આ માટે પ્રત્યેક ઈન્દ્રિય વિષયના દષ્ટાંત પ્રસિદ્ધ છે. જેમ કે, સ્પર્શેન્દ્રિયના વિષય માટે હાથીને હાથણીનું શરીર સ્પર્શવાની આસક્તિ હોય છે. મદોન્મત્ત હાથી કોઈ રીતે પકડી શકાતો નથી. આ માટે કેળવાયેલી કપટની હાથણીનો ઉપયોગ કરવામાં આવે છે. આ હાથણી લલચાવીને હાથીને ડાળા-પાંદડાથી ઢંકાયેલા ઊંડા ખાડા પાસે લાવી તેમાં પાડે છે. ત્યાર પછી ઘણાં દિવસના ભૂખ્યા-તરસ્યા હાથીને બધાં મહાવતો ભેગા થઈને ખૂબ મારે છે. તેથી નરમ ઘેંસ જેવો થયેલો હાથી પકડાઈ છે અને કાબૂમાં આવે છે. આ રીતે રસનેન્દ્રિય માટે માછલીને જાળમાં લગાવેલ માંસ ચાખવાની, ઘ્રાણેન્દ્રિય માટે ભમરાને કમળના ફુલની સુગંધ માણવાની, ચક્ષુન્દ્રિય માટે પતંગીયાને દિપકનો વર્ણ દેખવાની તથા શ્રોત્રેન્દ્રિય માટે હરણને શિકારીના રાગનો આલાપ સાંભળવાની એવી ઈચ્છા હોય છે કે તત્કાલ પોતાનું મરણ ભાસે તોપણ તેને ન ગણકારતા. જે તે વિષયનું ગ્રહણ ઈચ્છે છે. તેથી મરણની પીડાનાં દુઃખ કરતાંય એક ઈન્દ્રિયના એક પ્રકારના વિષય સેવનની ઈચ્છાની પીડાનું દુઃખ અધિક જણાય છે. એ ઈન્દ્રિયવિષયની ઈચ્છાથી પીડિત પ્રાણીઓ નિર્વિચાર બની જેમ કોઈ અત્યંત દુઃખી માણસ નિરાધાર પર્વતના શિખર ઉપરથી પડતું મૂકી પોતાના જીવનનો અંત આણે છે તેમ આ વિષયમાં ઝંપાપાત કરી પોતાના જીવનનો અંત આણે છે. આ રીતે એક ઈન્દ્રિયવિષયની આસક્તિ ધરાવનાર પ્રાણીની વિષય પીડા તેની મરણ પીડા કરતાંય અધિક હોય છે. મનુષ્ય એવું પ્રાણી છે કે તેને પાંચેય ઈન્દ્રિયોના વિષયસેવનની પીડા હોય છે તો તેની પીડા કેવી હોય ? આ સંબંધી કહેવાયું છે—

(દોહરો)

[1]अलि [2]पतंग [3]मृग [4]मीन [5]गज, एक एक रस से आंच ।
तुलसी तिनकी कौन गति, जाकुं व्याप्त पांच ।।

અર્થ : ૧. હાથીને સ્પર્શેન્દ્રિયની, ૨. માછલીને રસનેન્દ્રિયની, ૩. ભમરાને ઘ્રાણેન્દ્રિયની, ૪. પતંગિયાને ચક્ષુરિન્દ્રિયની અને ૫. હરણને શ્રોત્રેન્દ્રિયના વિષયની પીડા જેવી એક ઈન્દ્રિયના વિષયની પીડા પણ તેનો વિનાશ નોતરે છે. પરંતુ મનુષ્યને તો પાંચેય ઈન્દ્રિયોના વિષયની પીડા છે તો તેની દશા શું થાય ? એટલે કે વિષયોની ઈચ્છા મનુષ્યના વિનાશનું જ કારણ જાણવી. (પ્રાચીન દોહરો)

## ૨.૨.૨. કષાયની ઈચ્છા



**ચારિત્રમોહનીયકર્મના ઉદયથી થતા જીવના કલુષિત પરિણામને કષાય કહે છે. કષાય અનુસાર કાર્ય કરવાની ઈચ્છાને કષાયની ઈચ્છા કહે છે.**

ક્રોધ, માન, માયા, લોભ એ ચાર મુખ્ય કષાયો છે. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ એ નવ નોકષાયો કહેવાય છે. ચાર મુખ્ય કષાયો અને નવ નોકષાયો મળીને કુલ તેર પ્રકારના કષાયો છે. આ કષાયો અનુસાર કાર્ય કરવાની ઈચ્છા તે કષાયની ઈચ્છા છે. વિષયની ઈચ્છાની જેમ કષાયની ઈચ્છાની પીડા પણ મરણની પીડાથી અધિક હોય છે. જેમ કે, કોઈને ક્રોધ ઊપજે ત્યારે દુશ્મનનું બૂરું કરવાની ઈચ્છા થાય છે. તેનું બૂરું કરવા અનેક ઉપાયો વિચારે છે. તે માટે 'મર્મચ્છેદક ગાળીપ્રદાનરૂપ વચનો બોલે, મારકૂટ કરે, હથિયાર વડે હુમલો પણ કરે. ક્રોધ સમયે કોઈ વડીલ કે પૂજ્યજન વચમાં આવે તો તેમને પણ જેમ તેમ કહે. ક્રોધના આવેશમાં કોઈ વિવેક જ રહેતો નથી. ક્ષણિક ક્રોધાવેશથી લાંબા સમયના સંબંધો ઉપર 'પાણીઢોળ થઈ જાય છે. ક્રોધના કારણે બીજાનું બૂરું ન થાય તો પોતે અંતરંગમાં ઘણો જ સંતાપવાન થાય છે અને તેના કારણે કોઈ વાર પોતાના જ અંગોનો છેદ કરી નાખે કે વિષભક્ષણાદિ વડે આપઘાત પણ કરી બેસે છે.

માન કષાય ઊપજે ત્યારે બીજાને નીચો તથા પોતાને ઊંચો દર્શાવવાની ઈચ્છા થાય છે. તે માટે અનેક કષાયો વિચારે છે. અન્યની નિંદા અને પોતાની પ્રશંસા કરે છે. અનેક પ્રકારે પોતાનો મહિમા વધારવા પ્રયત્ન કરે છે. ઘણાં કષ્ટ વડે ધનાદિક સામગ્રી એકઠી કરી હોય તેને વિવાહાદિક કાર્યોમાં એકદમ ખર્ચી નાખે છે. કોઈવાર તો દેવું કરીને પણ ખર્ચ કરે છે. જો કોઈ પોતાનું સન્માન ન કરે તો તેને ભય પમાડી કે હેરાન કરીને પણ પોતાનું સન્માન કરાવે છે. માનનો ઉદય થતાં કોઈ પૂજ્ય હોય, વડીલ હોય તેમનું પણ સન્માન કરતો નથી. કોઈ વિચાર જ રહેતો નથી. વળી આવું બધું કરવાં છતાં પણ પોતાનું માન ન પોષાય તો પોતાના અંતરંગમાં પોતે ઘણો સંતાપવાન થાય છે. અને તેથી પોતાના અંગોનો ઘાત કરે છે અને કોઈ વાર વિષભક્ષણાદિ કરી મરણ પણ પામે છે.

ક્રોધ – માનની જેમ બીજા કષાયો વિષે પણ જાણવું. ક્રોધ-માન-માયા-લોભ જેવા કષાયો અનુસારનું કાર્ય કરવાની ઈચ્છા આત્માને અત્યંત દુઃખદાયી છે. અજ્ઞાની જીવ ક્રોધાદિ કષાય અનુસારનું કાર્ય કર્યા વિના રહી શકતો નથી. તેથી આવા કષાયો અનુસારનું કાર્ય કરવું જ હોય તો આ પ્રમાણે જ કરવું એમ ફરમાવતા શ્રીમદ્ રાજચંદ્ર કહે છે–

**ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,**
**માન પ્રત્યે તો દીનપણાનું માન જો;**
**માયા પ્રત્યે માયા સાક્ષીભાવની,**
**લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**

**અર્થ : દુશ્મન પ્રત્યે દ્વેષ, અણગમો કે અરુચિ રાખવાના ભાવને ક્રોધ કહે છે. જો તારે ક્રોધ કરવો હોય તો દુશ્મન પ્રત્યે કરવાના બદલે તારામાં ઉત્પન્ન થતા ક્રોધ કષાયના વિકારીભાવ પ્રત્યે જ ક્રોધ એટલે કે અણગમો, અરુચિ કે દ્વેષ કરવો.**

**કોઈ બાબતના ગર્વ કે અહંકારને માન કહે છે. જો તારે માન જ કરવું જ હોય તો જાતિ, કુળ, બળ, રૂપ, જ્ઞાન, બુદ્ધિ, તપ, શીલ જેવી બાબતોનો ગર્વ કરવાને બદલે તારામાં દીનપણું એટલે કે નમ્રતા કે નિર્માનતાનો ભાવ લાવી તેના માટે ગર્વ કરવો.**

**કોઈ બાબતને ગુપ્ત રાખવી કે ગોપવવી તેને માયા કહેવાય છે. આ ઉપરાંત કોઈના પ્રત્યે પ્રેમ કે સ્નેહ ધરાવવો તે પણ માયા છે. જો તારે માયા જ કરવી હોય તો તારામાં કોઈ દોષ**

હોય તેને ગુપ્ત રાખવાને બદલે તારામાં સાક્ષીભાવ જેવા કોઈ ગુણની પ્રગટતા હોય તો તેને ગોપવવારૂપ માયા કરવી. આ ઉપરાંત આત્માના સ્વરૂપ સમજવા સંબંધી સ્નેહ ધરાવવારૂપ માયા કરવી.


કૃપણતા કે કંજૂસાઈને લોભ કહે છે. જો તારે લોભ જ કરવો હોય તો ધર્મકાર્યમાં ખર્ચ ઓછો થાય તેવો લોભ ન કરવો પણ લોભ કષાય જ ઓછો થાય તેવો લોભ કરવો.

આ રીતે ક્રોધ-માન-માયા-લોભ જેવા કષાયો અનુસારનું કાર્ય કરવાથી જે તે કષાયની ઈચ્છાની સાર્થકતા છે. અને તે જ આત્માનો અપૂર્વ અવસર છે. આવા અપૂર્વ અવસરની ભાવના ભાવવામાં આવે છે.

(શ્રીમદ્ રાજચંદ્ર : અપૂર્વ અવસર કાવ્યની કડી નં. ૭)

### ૨.૨.૩. પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા

પ્રતિકૂળ કે અનિષ્ટ સંયોગોને પાપનો ઉદય કહે છે. પાપના ઉદયને હઠાવવાની ભાવનાને પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા કહે છે.



શરીરમાં રોગ, નિર્ધનતા, અનાદર, અવમાનતા જેવા પ્રતિકૂળ કે અનિષ્ટ સંજોગોને દૂર કરવાની ભાવના એ પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા છે. પાપનો ઉદય આવે ત્યારે જીવ તેનાથી પરેશાન હોય છે. પાપનો ઉદય કોઈને પસંદ પડતો નથી. થોડાક પણ પાપના ઉદયથી જીવ ત્રાહિમામ પોકારી જાય છે. તેથી આ જીવને પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા સ્વાભાવિકપણે જ હોય છે. નરકના જીવોને મુખ્યપણે પાપનો જ ઉદય હોય છે. વર્તમાન પંચમકાળના મનુષ્યો પણ પાપના ઉદયની પ્રમુખતા ધરાવે છે. સંસારી જીવના દુ:ખનું મૂળ સ્વરૂપ તેનો પાપનો ઉદય જ છે.

હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ, પરપીડન, પ્રમાદચર્યા, વિષયાસક્તિ જેવા અશુભભાવના કારણે પાપકર્મ બંધાય છે. બંધાયેલ પાપકર્મના ઉદયના કારણે પ્રતિકૂળ સંજોગોની પ્રાપ્તિ થાય છે. જીવ પાપ કરતી વખતે પાછું વળીને જોતો નથી અને જ્યારે પાપનો ઉદય સામે આવે છે ત્યારે તેનાથી ખૂબ ડરે છે. તેથી તેને દૂર કરવાની ઈચ્છા રાખે છે. પણ પાપનો બંધ કરવા સમયે જ ચેતવું જોઈએ. જો તે સમયે ન ચેતીએ અને આંખો મીંચીને પાપ કરતા રહીએ અને પછી પાપનો ઉદય આવે ત્યારે દિલગીર થઈને તેને દૂર કરવાની ઈચ્છા રાખીએ તે વ્યર્થ છે. કહ્યું પણ છે—

**બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ.**

**અર્થ : હે જીવ ! પાપના ઉદય સમયે ઉચાટ કરવાને બદલે તેનો બંધ કરવાં સમયે જ ચેતવું જરૂરી છે.**

(બહેનશ્રીનાં વચનામૃત : નં. ૨૮ ના આધારે)

સંસારી જીવની અનેક પ્રકારની ઈચ્છાઓ ઉપરોક્ત ત્રણ પ્રકારમાં દર્શાવી છે. આ ઈચ્છાઓનું એક માત્ર સાધન પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ માનવામાં આવે છે. તે બાબત હવે જોઈશું.

### ૨.૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઇચ્છાઓનું સાધન કઈ રીતે ?

આ જીવની અનેક પ્રકારની ઈચ્છાઓનું સાધન કરવામાં એક માત્ર પુણ્યનો ઉદય કાર્યકારી હોય છે. ઈચ્છાનું સાધન કરવા માટે થતાં જીવના અવળા પુરુષાર્થ અને શરીરની ક્રિયા સાથે પુણ્યનો ઉદય સંકળાયેલ હોય તો જ તે સાધન થાય છે. તેથી તેને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ સમયે જીવના પુણ્યોદય સાથે સંબંધિત મોહના પરિણામને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતું ઈચ્છાનું સાધન માનવામાં આવે છે.

આ જીવને અનેક પ્રકારની ઈચ્છાઓ હોય છે. આ બધી ઈચ્છાઓને પાંચ ઈન્દ્રિયોના વિષયો ભોગવવાની ઈચ્છા, કષાયો અનુસારનું કાર્ય કરવાની ઈચ્છા અને પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા એમ મુખ્યત્વે ત્રણ પ્રકારમાં દર્શાવી શકાય છે. આ ત્રણેય પ્રકારની ઈચ્છાઓને કારણે બધા જીવો દુ:ખી હોયછે. ઈચ્છાઓનાં મૂળ કારણ મિથ્યાત્વને ટાળી ઈચ્છાઓનો જ અભાવ કરવો તે જ દુ:ખ મટાડવાનો સાચો ઉપાય છે. પણ અજ્ઞાની જીવ આ દુ:ખ દૂર કરવા માટે ઈચ્છાઓનું સાધન કરવાનો ઉપાય કરે છે. ઈચ્છાઓનું સાધન કરવા માટે અજ્ઞાની જીવનો પ્રયત્ન હોય છે. અજ્ઞાનીનો આ પ્રયત્ન બહિર્લક્ષી હોવાથી તે તેનો અવળો પુરુષાર્થ છે. ઈચ્છાના સાધન માટે થતા અજ્ઞાનીના અવળા પુરુષાર્થ અને તેને અનુરૂપ શરીરની ક્રિયામાત્રથી ઈચ્છાનું કોઈ સાધન થતું નથી. પણ આ અવળા પુરુષાર્થ અને તેને અનુરૂપ શરીરની

ક્રિયા સાથે તે અનુસારનો પુણ્યનો ઉદય હોય તો જ તે ઈચ્છાનું સાધન થાય છે અને તેવા પુણ્યનો ઉદય ન હોય તો તે ઈચ્છાનું સાધન થતું નથી. તેથી અજ્ઞાનીની ઈચ્છાનું સાધન થવામાં પુણ્યનો ઉદય જ કાર્યકારી હોય છે. તેથી ઈચ્છાનું સાધન કરતી પ્રવૃત્તિને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે.

પુણ્યોદય અનુસારની પ્રવૃતિ સમયે જે ઈચ્છાનું સાધન થતું જણાય છે તે પુણ્યોદય સાથે સંબંધિત જીવના મોહના પરિણામ હોય છે. પુણ્યનો ઉદય હોય ત્યારે મોહનો રતિભાવનો ઉદય પણ અવશ્ય હોય છે. પુણ્યોદય સાથે સંબંધિત મોહજન્ય રતિભાવના કારણે ઈચ્છાનુસારનું કાર્ય કે ભોગવટો ભાસે છે. તેથી તેને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતું ઈચ્છાનું સાધન માનવામાં આવે છે. આ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતું ઈચ્છાનું સાધન એ ખરેખર જીવના મોહયુકત રતિભાવ જ હોય છે. આ રીતે જીવનો અવળો પુરુષાર્થ, શરીરની ક્રિયા, પુણ્યનો ઉદય અને પુણ્યોદય સાથે સંબંધિત જીવના મોહયુકત રતિભાવના સમન્વયથી ઈચ્છાનું સાધન થાય છે, જેને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતું ઈચ્છાનું સાધન માનવામાં આવે છે. જીવની ૧. વિષયની ઈચ્છા, ૨. કષાયની ઈચ્છા અને ૩. પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા એ ત્રણેય પ્રકારની ઈચ્છાઓનું સાધન આ પુણ્યોદય અનુસારની પ્રવૃતિથી હોય છે. તે આ રીતે—



## ૨.૩.૧. વિષયની ઈચ્છાનું સાધન

જીવને પાંચ ઈન્દ્રિયોના વિષયોને ભોગવવાની ઈચ્છા હોય છે જેને વિષયની ઈચ્છા કહે છે. જીવને જે પ્રકારના ઈન્દ્રિયવિષયની ઈચ્છા હોય તે પ્રકારના વિષય મેળવવા માટે જીવનો પ્રયત્ન એટલે કે બહિર્લક્ષી અવળો પુરુષાર્થ હોય છે. અને તે સમયના પુણ્યના ઉદયના કારણે તે વિષયની પ્રાપ્તિ થાય છે. શરીરની ક્રિયા દ્વારા પ્રાપ્ત ઈચ્છિત વિષયનો ભોગવટો થાય છે અને પુણ્યોદય સાથે સંબંધિત જીવના મોહયુકત રતિભાવના કારણે તે ભોગવટામાં ઠીકપણાનો કે ગમાનો ભાવ થાય છે. જેને ઈચ્છાનુસારનો વિષય ભોગવટો માનવામાં આવે છે. આ રીતે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી વિષયની ઈચ્છાનું સાધન થાય છે.

## ૨.૩.૨. કષાયની ઈચ્છાનું સાધન

જીવને ક્રોધાદિ કષાયભાવો અનુસાર કાર્ય થવાની ઈચ્છા હોય છે જેને કષાયની ઈચ્છા કહે છે. જે પ્રકારના કષાયનો ઉદય હોય તે પ્રકારના કષાય અનુસારનું કાર્ય કરવા માટે જીવનો બહિર્લક્ષી અવળો પુરુષાર્થ કે પ્રયત્ન હોય છે. જીવના પ્રયત્ન સાથે સંબંધિત તેને અનુરૂપ શરીરની ક્રિયા પણ હોય છે. જીવનો પ્રયત્ન અને શરીરની ક્રિયા સમયે તે પ્રકારનો પુણ્યનો ઉદય હોય તો તે પ્રકારના કષાય અનુસારનું કાર્ય થાય છે. તેથી તે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહેવાય છે. તે સમયે પુણ્યોદય સાથે સંબંધિત જીવના મોહયુકત રતિભાવ ઉત્પન્ન થાય છે અને તેના કારણે તે કાર્યમાં ઠીકપણાનો કે ગમાનો ભાવ થાય છે. જેને કષાય અનુસારનું કાર્ય માનવામાં આવે છે. આ રીતે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી કષાય અનુસારનું કાર્ય થતા તેને કષાયની ઈચ્છાનું સાધન માનવામાં આવે છે.

## ૨.૩.૩. પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છાનું સાધન

પ્રતિકૂળ કે અનિષ્ટ સંજોગોને પાપનો ઉદય કહે છે. પાપનો ઉદય આત્માને દુઃખરૂપ છે. તેથી તેને દૂર કરવાની ભાવના હોય છે તેને પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા કહે છે. જે પ્રકારના પાપનો ઉદય હોય તે અનુસાર તેને દૂર કરવા માટે જીવનો પ્રયત્ન કે બહિર્લક્ષી અવળો પુરુષાર્થ અને તેને અનુરૂપ શરીરની ક્રિયા હોય છે પણ તે સમયે પુણ્યનો ઉદય હોય તો પાપનો ઉદય દૂર થાય છે, નહિતર દૂર થતો નથી. પુણ્યે પાપ ઠેલાય છે એટલે કે પુણ્યનો ઉદય થતા પાપનો ઉદય દૂર થાય છે. પુણ્યનો ઉદય શરૂ થતા પાપનો ઉદય પૂરો થાય છે અને તેથી અનિષ્ટ સામગ્રીનો અભાવ થઈ ઈષ્ટ સામગ્રીની પ્રાપ્તિ થાય છે. પુણ્યોદયથી પ્રાપ્ત ઈષ્ટ સામગ્રી અનુસાર શરીરની અવસ્થા થાય છે. અને જીવના મોહનો ઉદય પણ એવો થાય છે કે તેમાં તે રતિ માને છે. આ રીતે પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છાનું સાધન પણ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી છે.

ઉપર જણાવ્યા અનુસાર ઈચ્છાઓનું સાધન પુણ્યોદય અનુસારની પ્રવૃતિથી છે. વાસ્તવમાં ઈચ્છાઓનું કોઈ સાધન હોતું જ નથી. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃતિથી પણ ઈચ્છાઓનું સાધન સંભવતુ નથી તે બાબત આપણે જોઈએ.

## ૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું સાધન સંભવતું નથી

**તે ઉદિતતૃષ્ણા જીવો, દુઃખિત તૃષ્ણાથી, વિષયિક સુખને ઈચ્છે અને આમરણ દુઃખસંતપ્ત તેને ભોગવે.**

**અર્થ :** જેમને તૃષ્ણાઓ ઉદિત છે તેવા અજ્ઞાની જીવો પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી તૃષ્ણાનુસારનું સાધન કહે છે. પણ આ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી તૃષ્ણારૂપી બીજ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે. ફાલે છે. તેથી આ જીવો તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થતા મરણપર્યંત વિષયભોગોને ઈચ્છે છે અને દુઃખથી સંતપ્ત થયા થકી (દુઃખદાહને નહિ સહી શકતા થકા) તેમને ભોગવે છે. (પ્રવચનસાર : ગાથા ૭૫)

અજ્ઞાની જીવને અનેક પ્રકારની તૃષ્ણાઓ કે ઈચ્છાઓ હોય છે. આ ઈચ્છાઓનું સાધન પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી માનવામાં આવે છે. પરંતુ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છિત વિષયભોગો ભોગવવા છતાં ઈચ્છાઓ શમતી નથી અને વધે જ છે. આમ ઈચ્છાઓનું સાધન કરવાથી ઈચ્છા-તૃષ્ણારૂપી બીજ મોટા વૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે, ફાલે છે. ઈચ્છાના કારણે થતા દુઃખની પણ વૃદ્ધિ જ થાય છે. ઈચ્છાનું દુઃખ મટાડવા માટે વધુ વિષયભોગો ભોગવવામાં આવે છે અને તેથી વધુ ઈચ્છાઓની ઉત્પત્તિ થાય છે અને જીવ વધુ દુઃખી થાય છે. આ ઈચ્છાઓ વડે દુઃખી વર્તતો થકો મરણપર્યંત વિષયભોગોને ઈચ્છે છે અને દુઃખથી સંતપ્ત થયો તેમને ભોગવે છે. આ રીતે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી તૃષ્ણાઓ-ઈચ્છાઓનું સાધન માનવું મિથ્યા છે. વાસ્તવમાં પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું કોઈ સાધન સંભવતું જ નથી. તેના કારણો નીચે પ્રમાણે છે.

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન કરતા વિષયની ઈચ્છા, કષાયની ઈચ્છા, અને પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા તૃષ્ણારૂપી બીજ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે તે દર્શાવતું ચિત્ર




૩.૧. ઈચ્છાની અગાધતા

૩.૨. ઈચ્છાનુસારનો ભોગવટો થતો નથી

૩.૩. પરવિષયો ભોગવી શકાતા જ નથી

૩.૪. ઈચ્છાઓનું સાધન યુગપદ્ થતું નથી

૩.૫. ઈચ્છાનુસારના સાધનથી ઈચ્છા ટળવાને બદલે તેની વૃદ્ધિ જ થાય છે.

### ૩.૧. ઈચ્છાની અગાધતા

इच्छा हु आगास समा अणंतिया ।

**અર્થ :** ઈચ્છાઓ આકાશ જેવી અનંત હોય છે.

(ઉત્તરાધ્યયન સૂત્ર : ૯/૪૮)


જેમ દરેય દિશાઓમાં વિસ્તરેલા આકાશનો કોઈ અંત નથી તેમ અજ્ઞાની જીવની ઈચ્છાઓનો કોઈ અંત નથી. અજ્ઞાનીને અનંત પ્રકારની ઈચ્છાઓ હોય છે અને એક એક પ્રકારની ઈચ્છા પણ આકાશ જેવી અગાધ હોય છે. આકાશમાં દેખાતી ક્ષિતિજ તરફ ગમે તેટલું દોડીએ તોપણ ત્યાં સુધી પહોંચી શકાતું નથી અને તે દૂર ને દૂર સરકતી જાય છે. તેમ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું ગમે તેટલું સાધન કરવામાં આવે તોપણ તેની પૂર્તિ થતી નથી અને તે અધૂરી અને અતૃપ્ત જ રહે છે. ઈચ્છા -તૃષ્ણાનું તળીયા વિનાનું વાસણ ક્યારેય ભરાતું નથી. તેમાં ગમે તેટલું નાખો તોય તે ખાલી ને ખાલી જ રહે છે. ગમે તેવા પુણ્યોદયથી પણ તેની પૂર્તિ થતી નથી.

**પ્રશ્ન :** અમને એવો પુણ્યનો ઉદય હોય કે જેથી અમારી બધાં જ પ્રકારની ઈચ્છાઓનું સાધન થાય તો તેથી ઈચ્છાઓની પૂર્તિ કેમ ન થાય ?

**ઉત્તર :** સમગ્ર વિશ્વની સઘળી સામગ્રીઓ પ્રાપ્ત થાય તોપણ ઈચ્છાની પૂર્તિ થતી નથી. કોઈને એવો પુણ્યોદય હોતો નથી કે બધી જ સામગ્રી પ્રાપ્ત થાય. જગતમાં સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી તીર્થંકર ભગવાન હોય છે. પુણ્યોદયના પ્રતાપે સમવસરણાદિ વિભૂતિથી તેઓ વિભૂષિત હોય છે. તોપણ તેમને વિશ્વની સમગ્ર સામગ્રી ઉપલબ્ધ નથી. સો ઈન્દ્રો તેમને નમે છે. તોપણ તેમને બધાં જીવો માનતા નથી. સમુદ્ર સમાન પુણ્યના ઉદયમાં બિંદુ સમાન પાપનો ઉદય તેમને પણ વર્તે છે. તીર્થંકર ભગવાનથી વધુ પુણ્યનો ઉદય કોઈપણ અજ્ઞાની જીવને હોય નહિ. અને હોય તોય અજ્ઞાનીની ઈચ્છાની અગાધતા જ એવી છે કે ગમે તેવા પુણ્યના ઉદયથી પણ તેનું સાધન થાય નહિ.

**પ્રશ્ન :** અજ્ઞાનીની ઈચ્છાની અનંતતા અને અગાધતાનું કારણ શું ?

ઉત્તર : આત્માની શક્તિઓ અનંત છે અને એક એક શક્તિનું સામર્થ્ય પણ અનંત છે. શક્તિરૂપ સ્વભાવની વિમુખતા અને પરસન્મુખતાના કારણે અજ્ઞાનીને આ શક્તિની વ્યક્તતા નથી. અને પરાશ્રિત પરિણતિના કારણે આ શક્તિનો ઘાત થાય છે. જેને સ્વભાવપ્રતિઘાત કહે છે. સ્વભાવપ્રતિઘાતના કારણે ઈચ્છાની ઉત્પત્તિ થાય છે. અનંત પ્રકારના શક્તિરૂપ સ્વભાવના પ્રતિઘાતના કારણે ઉત્પન્ન થતી ઈચ્છાઓ અનંત હોય છે. એક એક શક્તિના અગાધ સામાર્થ્યના પૂરેપૂરા ઘાતના કારણે ઉત્પન્ન થતી એક એક ઈચ્છા પણ અગાધ હોય છે. આ રીતે અજ્ઞાનીની ઈચ્છાની અનંતતા અને અગાધતા જાણવી.



અજ્ઞાનીની ઈચ્છાની અનંતતા અને અગાધતા

અગાધ સ્વભાવના પ્રતિઘાતથી ઉત્પન્ન થતી અજ્ઞાનીની ઈચ્છા પણ એવી અગાધ હોય છે કે તે ઈચ્છારૂપી ખાડામાં વિશ્વની સમગ્ર સામગ્રીઓ હોમવામાં આવે તોપણ તે એક અણુ સમાન હોય છે. જગતમાં અજ્ઞાની જીવો અનંતાનંત છે અને વિશ્વ તો એક જ છે. આ વિશ્વની વહેંચણી કરવામાં આવે તો દરેક અજ્ઞાનીના ભાગે શું આવે ? કાંઈ જ ન આવે. માટે અજ્ઞાનીની ઈચ્છાઓ નિરર્થક છે. આચાર્યશ્રી ગુણભદ્રના શબ્દોમાં—

(અનુષ્ટુપ)

आशागर्त्तः प्रतिप्राणी, यस्मिन् विश्वमणूपमम् ।
कस्यं किं कियदायाति, वृथा वो विषयैषिता ॥

**અર્થ :** ઈચ્છારૂપી ખાડો દરેક અજ્ઞાની પ્રાણીઓને હોય છે. આ ઈચ્છારૂપી ખાડો એવો અગાધ હોય છે કે તેમાં સમસ્ત વિશ્વ એક અણુસમાન છે. વિશ્વ તો એક જ છે અને અજ્ઞાની પ્રાણીઓ અનંતાનંત છે. તો કોના ભાગે શું આવે ? માટે ઈચ્છિત વિષયોની પૂર્તિની વાંછા વૃથા જ છે.

(આત્માનુશાસન : શ્લોક ૩૬)

અજ્ઞાનીની ઈચ્છાની અગાધતા એવી છે કે ગમે તેવા પુણ્યના ઉદયથી તેની પૂર્તિ થતી નથી. વળી આવો પુણ્યનો ઉદય કોઈને સંભવતો પણ નથી. તેમ છતાં માની લેવામાં આવે કે એવો પુણ્યનો ઉદય છે કે સઘળાં પ્રકારથી ઈચ્છાઓની પૂર્તિ થાય છે. તોપણ ઈચ્છાનુસારનો ભોગવટો બનતો નથી તેની ચર્ચા હવે કરવામાં આવે છે.

## ૭.૨. ઈચ્છાનુસારનો ભોગવટો થતો નથી

જીવના દુઃખનું સીધું અને પ્રત્યક્ષ કારણ તેની ઈચ્છાઓ છે. તેથી અજ્ઞાની જીવો પોતાનું દુઃખ મટાડવા માટે આ ઈચ્છાઓના સાધનનો જ ઉપાય કરતો રહે છે. વાસ્તવમાં ઈચ્છાઓના અભાવનો ઉપાય થઈ શકે છે પણ તેના સાધનનો કોઈ ઉપાય જ થઈ શકતો નથી. પરંતુ અજ્ઞાની જીવને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન જણાય છે. ઈચ્છાઓ અગાધ છે અને તેના સાધનની કોઈ સંભાવના જ નથી. ગમે તેવા ઉત્કૃષ્ટ પુણ્યના ઉદયથી પણ ઈચ્છાની પૂર્તિ થતી નથી. તેમ છતાં ઈચ્છાની પૂર્તિ થાય છે તેમ માની લેવામાં આવે તોપણ ઈચ્છાનુસારનો ભોગવટો થતો નથી. તે આ રીતે—


ઈચ્છા અને ભોગવટો એ બન્ને એક જ ચારિત્રગુણની વિકારી અવસ્થા છે. એક ગુણની એક જ સમયે એક જ અવસ્થા હોય છે. તેથી એક જ ચારિત્રગુણના આ બન્ને વિકારો એક સાથે હોતા નથી. અને આ વિભાવોને ઉત્પન્ન કરનાર કર્મનો ઉદય પણ એક સાથે હોતો નથી. તેથી ચારિત્રમોહનીય કર્મમાં ઈચ્છાનો ઉદય હોય ત્યારે ભોગવટાનો ઉદય હોતો નથી અને ભોગવટાનો ઉદય હોય ત્યારે ઈચ્છાનો ઉદય હોતો નથી. તેથી જ્યારે ઈચ્છાનો ભાવ હોય ત્યારે ભોગવટાનો ભાવ હોતો નથી અને ભોગવટાનો ભાવ હોય ત્યારે ઈચ્છાનો ભાવ હોતો નથી. વળી જ્યારે જેની ઈચ્છા હોય ત્યારે તેનો ભોગવટો હોતો નથી. ભોગવટો ન હોય ત્યારે જ તેની ઈચ્છા હોય છે અને ભોગવટો હોય ત્યારે તેની ઈચ્છા હોતી નથી. તેથી ભોગવટા સમયે ઈચ્છા હોતી નથી અને ઈચ્છા સમયે ભોગવટો હોતો નથી.

જ્યારે જેની ઈચ્છા હોય છે ત્યારે તેનો ભોગવટો હોતો નથી. જ્યારે જેનો ભોગવટો હોય છે ત્યારે તેની ઈચ્છા હોતી નથી. આ રીતે ઈચ્છા અને ભોગવટામાં સમયભેદ હોય છે. ઈચ્છાનુસારનો ભોગવટો બને ત્યારે ઈચ્છાનો ભાવ વિણસી જાય છે. તો ઈચ્છા વિના ભોગવટો શા કામનો ? ફરી જ્યારે ઈચ્છા ઉત્પન્ન થાય છે ત્યારે ભોગવટાનો ભાવ વિણસી જાય છે તો ભોગવટા વિનાની ઈચ્છા શું કામની ? કાંઈ કામની નથી. ખાવાની ઈચ્છા હોય, ભૂખ લાગી હોય અને ખાવાનું મળે તો ઈચ્છાનું સાધન કહેવાય. પણ ખાવાની ઈચ્છા જ ન હોય, ભૂખ લાગી જ ન હોય અને ભાવતા

ભોજન મળે તો તે ઈચ્છાનુસારનો ભોગવટો નથી. તેથી તે ઈચ્છાનું સાધન કહેવાય નહીં.

ઈચ્છાનો ભાવ અને ભોગવટાનો ભાવ એ બન્ને ભાવ નાશવંત અને ક્ષણિક છે. તેથી તેઓનું યુગપદપણું સંભવતું નથી. જ્યારે ઈચ્છા હોય ત્યારે ભોગવટો હોતો નથી. તેથી ઈચ્છાનું સાધન થતું નથી. કેમ કે, ઈચ્છાનુસારનો ભોગવટો થતો જ નથી.

**પ્રશ્ન** : અમને તો ઈચ્છાનુસારનો જ ભોગવટો ભાસે છે તે શું છે ?




**ઉત્તર** : ઈચ્છાનો ભાવ અને ભોગવટોના ભાવ વચ્ચે કાળભેદ છે. તેથી બન્ને એક સાથે એક સમયે ક્યારેય હોતા નથી. તેમ છતાં ઈચ્છાનુસારનો ભોગવટો ભાસે છે તે એક ભ્રાંતિ છે, વાસ્તવિકતા નથી.

સંસારી પ્રાણીનો ઉપયોગ ઝડપથી બદલાતો હોય છે. ઈચ્છાનો ભાવ અને ભોગવટાનો ભાવ વારાફરતી ઝડપથી બદલાયા કરે છે. પરંતુ છદ્મસ્થજીવનો ઉપયોગ અત્યંત સ્થૂળ હોવાથી તે પોતાના દરેક ભાવને અલગ અલગ ગ્રહણ કરી શકતો નથી. તેથી અનેક ભાવને એકમેકપણે ગ્રહણ કરે છે. તેથી તે ઈચ્છા અને ભોગવટાના ઝડપથી બદલાતાં ભાવને અલગ અલગ ગ્રહણ કરી શકતો નથી અને એક સાથે એકમેકપણે ગ્રહણ કરે છે. તેથી તેને ઈચ્છાનુસારનો ભોગવટો થાય છે તેવી ભ્રાંતિ થાય છે.

સીનેમા કે ટી.વી.ના પડદા ઉપર દેખાતાં ચિત્રો સ્થિર જ હોય છે. પણ તેઓ એક સેકન્ડના સોળ કે તેથી વધુ પ્રમાણમાં બદલાયા કરે છે. આવી રીતે ઝડપથી બદલાતા સ્થિર ચિત્રો જુદા જુદાપકડી શકાતા નથી. તેથી તેઓ સ્થિર ચિત્રો હોવા છતા ભ્રાંતિથી ચલચિત્રોપણે જણાય છે. આ જ રીતે ઈચ્છા અને ભોગવટાના ભાવ ઝડપથી બદલાયા કરતાં હોવાથી છદ્મસ્થનો જીવ તેને જુદા જુદા ગ્રહણ કરી શકતો નથી અને વારાફરતી થતાં ઈચ્છા અને ભોગવટાના ભાવને એકસાથે ગ્રહણ કરે છે. તેથી તેને એવી ભ્રાંતિ થાય છે કે ઈચ્છાનુસારનો ભોગવટો થાય છે. પણ વાસ્તવિકપણે ઈચ્છાનુસારનો ભોગવટો થતો જ નથી.

જ્ઞાની ધર્માત્મા ઈચ્છાનુસારનો ભોગવટો થતો નથી તે બાબત સમજે છે. તેથી તેઓ ઈચ્છા અને ભોગવટાથી દૂર રહેવાનો જ ઉપાય કરે છે. પણ અજ્ઞાની આ બાબત સમજતો નથી તેથી તે ઈચ્છા અને ભોગવટામાં જ લીન રહે છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં—

**રે ! વેદ્ય વેદકભાવ બન્ને સમય સમયે વિણસે,**
**—એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે.**

**અર્થ** : ઈચ્છાનો ભાવ અને ભોગવટાનો ભાવ નાશવંત અને ક્ષણિક છે. તેથી તેઓ ક્ષણે ક્ષણે વારાફરતી પલટાયા કરે છે. આ કારણે ઈચ્છાનુસારનો ભોગવટો ક્યારેય થતો નથી. આવી વસ્તુસ્થિતિ સમજતા જ્ઞાની ઈચ્છાનો ભાવ અને ભોગવટાનો ભાવ એ બન્ને પ્રકારના ભાવની વાંછા ન કરી તેમનાથી દૂર રહેવાનો જ પ્રયત્ન કરે છે.

(સમયસાર : ગાથા ૨૧૬)

ઉપર મુજબ ઈચ્છાનુસારનો ભોગવટો થતો નથી. તેમ છતાં આપણે માની લઈએ કે ઈચ્છાનુસારનો ભોગવટો થાય છે. તોપણ પરવિષયોને ભોગવી શકાતા જ નથી. તે બાબતની ચર્ચા હવે કરવામાં આવે છે.

## ૩.૩. પરવિષયોને ભોગવી શકાતા જ નથી

ઈચ્છા અને ભોગવટાના ભાવમાં કાળભેદ હોવાથી તે બન્ને એક સાથે હોતા નથી. તેથી ઈચ્છાનુસારનો ભોગવટો ક્યારેય થતો નથી. આ બાબત આપણે જોઈ ગયા છીએ. તેમ છતાં આપણે માની લઈએ કે અમને ઈચ્છાનુસારનો ભોગવટો થાય છે. અને તેથી અમે ઈચ્છિત પરવિષયો ભોગવીએ છીએ. તો આ બાબત પણ બરાબર નથી. કેમ કે, કોઈ પરવિષયોને આ આત્મા ભોગવી શકતો જ નથી. તેનું કારણ આ પ્રમાણે છે—

જ્યાં ભાવક-ભાવ્યભાવ હોય છે ત્યાં જ ભોક્તા-ભોગ્યપણું હોય છે. ભાવક-ભાવ્યભાવ એક જ દ્રવ્યમાં તે દ્રવ્ય અને તેના પરિણામ વચ્ચે અભિન્નપણે હોય છે. જીવ દ્રવ્ય પોતે ભાવક છે અને તેના સમયે સમયે થતાં પરિણામ જ તેનું ભાવ્ય છે. એટલે કે જીવ દ્રવ્ય પોતે ભોક્તા છે અને તેના પરિણામ જ તેનું ભોગ્ય છે. તેથી જીવ દ્રવ્ય પોતે પોતાના પરિણામને જ ભોગવે છે પણ તે પરવિષયોને ભોગવતો નથી. ભાવક-ભાવ્યભાવ અને તેથી થતાં

ભોક્તા-ભોગ્ય સંબંધ એક જ દ્રવ્યમાં તે દ્રવ્ય અને તેના પરિણામ વચ્ચે હોય છે પણ તે અન્ય દ્રવ્યમાં કે તેના પરિણામ વચ્ચે હોતાં નથી. તેથી એક દ્રવ્ય બીજા દ્રવ્યને ભોગવી શકતું નથી. તેથી વિષયની ઈચ્છાનુસાર પરવિષયોને ભોગવી શકાતાં નથી. તે જ રીતે કષાયની ઈચ્છાનુસાર પરના કાર્યો કરી શકાતાં નથી અને પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છાનુસાર તેને દૂર કરી શકાતાં નથી. આ કારણે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન સંભવતું નથી.

ઈન્દ્રનો આત્મા અપ્સરાના દેહને ભોગવી શકતો નથી. પણ અપ્સરાના રૂપના લક્ષે પોતાના પરિણામમાં જે જ્ઞાન થાય અથવા આ રૂપ મને ઠીક છે એવી ઈષ્ટ બુદ્ધિરૂપ રાગ થાય અથવા આ રૂપને હું ભોગવું છું તેવી મિથ્યામાન્યતારૂપ અભિપ્રાય કે ભ્રાંતિ થાય તેને તે ભોગવે છે. પણ અપ્સરાને બિલકુલ ભોગવતો નથી.



જેમ કૂતરો સૂકાયેલું હાડકું ચાવે અને તેની અણી દાઢમાં લાગવાથી નીકળતાં લોહીને ચાખી આ હાડકાનો સ્વાદ છે તેમ માને છે. તે ખરેખર હાડકાનો સ્વાદ નથી પણ હાડકાના કારણે નીકળેલા પોતાના જ લોહીનો સ્વાદ છે. તેમ આ જીવ પરવિષયોને ભોગવતો નથી પણ પરવિષયોને કારણે થતાં પરસંબંધી પોતાના રાગને જ ભોગવે છે. આમ ઈચ્છિત પરવિષયોને ભોગવી જ શકાતા ન હોવાથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન સંભવતું નથી.

જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ જીવ કોઈ પરપદાર્થનો કર્તા કે ભોક્તા નથી. પણ તે પરના લક્ષે થતા પોતાના જ શુભાશુભભાવનો જ કર્તા કે ભોક્તા હોય છે તેમ દર્શાવતા આચાર્યશ્રી કુંદકુંદ કહે છે—

(હરિગીત)

**જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,**
**તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને.**

**ભાવાર્થ :** પરના નિમિત્તે થતાં પોતાના **જે શુભ કે અશુભભાવ થાય છે તેનો જ કર્તા પોતાનો આત્મા છે. અને તે ભાવ જ આત્માનું કર્મ હોય છે અને આત્મા તે ભાવનો જ ભોક્તા હોય છે. પણ પરપદાર્થ કે પરવિષયનો કોઈ આત્મા કર્તા કે ભોક્તા હોતો નથી.** (સમયસાર : ગાથા ૧૦૨)

ઉપર મુજબ પરવિષયોને ભોગવી શકાતાં જ નથી. તેમ છતાં પોતે માને કે પરવિષયોને ભોગવી શકાય છે. અને પોતાની ઈચ્છાનું સાધન થાય છે. તોપણ ઈચ્છાઓ અનેક પ્રકારની હોય છે અને બધાં જ પ્રકારની ઈચ્છાઓ અનુસારનો પરવિષયોનો ભોગવટો એક સાથે થતો નથી એટલે કે ઈચ્છાઓનું સાધન યુગપત થતું નથી તે બાબતની ચર્ચા હવે કરવામાં આવે છે.

## ૩.૪. ઈચ્છાઓનું સાધન યુગપદ્ થતું નથી

જીવના દુ:ખનું મૂળ કારણ તેનું મિથ્યાત્વ છે. મિથ્યાત્વ મટયા સિવાય કોઈ પણ પ્રકારે કિંચિત્ પણ દુ:ખનો અભાવ થતો નથી. પણ અજ્ઞાની જીવ દુ:ખ મટાડવાને બદલે ઈચ્છાઓના સાધનનો ઉપાય કરે છે. અજ્ઞાની જીવની ઈચ્છાઓનું સાધન પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે.

પણ અજ્ઞાની જીવની ઈચ્છાઓ અનેક પ્રકારની હોય છે અને દરેક ઈચ્છા એટલી અગાધ હોય છે કે ગમે તેવા ઉત્કૃષ્ટ પુણ્યોદયથી તે એકનું પણ સાધન થઈ શકતું નથી. તોપણ આપણે માની લઈએ કે સમસ્ત પ્રકારની સઘળી ઈચ્છાઓનું સાધન થાય તેવો પુણ્યોદય પ્રવર્તે છે. અને તેથી ઈચ્છાઓનું સાધન સંભવી શકે છે. કદાચિત્ આવું સંભવે તોપણ ઈચ્છાનુસારનો ભોગવટો થતો જ નથી. તેમ છતાં માની લઈએ કે ઈચ્છાનુસારનો ભોગવટો થાય છે એટલે કે ઈચ્છા હોય તે જ સમયે ભોગવટો સંભવે છે. કદાચિત્ આવું સંભવે તોપણ પરવિષયોને ભોગવી શકાતા જ નથી. તેમ છતાં આપણે માનીએ કે પરવિષયોને ભોગવી શકાય છે અને તેથી ઈચ્છાઓનું સાધન થઈ શકે છે. કદાચિત્ આવું હોય તોપણ જીવની ઈચ્છાઓ અનેક પ્રકારની હોય છે અને સઘળી ઈચ્છાઓનું સાધન યુગપદ્ થતું નથી. ઈચ્છાઓનું સાધન યુગપદ્ એટલે કે એક સાથે થતું નથી તેની સમજૂતી નીચે મુજબ છે.

આત્માની અનંત શક્તિઓના ઘાતના કારણે ઉત્પન્ન થતી અજ્ઞાની જીવની ઈચ્છાઓ પણ અનંત પ્રકારની હોય છે. અને એક એક પ્રકારની ઈચ્છા પણ આકાશ જેવી અગાધ હોય છે. આ ઈચ્છાઓ લબ્ધપણે હોય છે. તેમાંની કેટલીક ઈચ્છાઓ પ્રગટપણે પણ હોય છે. જીવની લબ્ધ અને પ્રગટપણે રહેલી સઘળી ઈચ્છાઓનું સાધન પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી હોય છે. કોઈ જીવને એવો પુણ્યોદય હોતો નથી કે જેના કારણે તેની લબ્ધ અને પ્રગટ એવી

સઘળી ઈચ્છાઓનું સાધન બની શકે. કદાચિત્ આવું બને તોપણ આ સાધન યુગપદ્ અર્થાત્ એક સાથે થઈ શકતું નથી. કેમ કે, છદ્મસ્થજીવનો ઉપયોગ એક સમયે એક જ વિષયમાં કામ કરી શકે છે અને એકથી વધુ વિષયોમાં એક સાથે કામ કરી શકતો નથી.

અજ્ઞાની જીવને પાંચ ઈન્દ્રિયોના વિષયોને ભોગવવાની ઈચ્છા, કષાય અનુસાર કાર્ય કરવાની ઈચ્છા, પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા એમ સઘળા પ્રકારની ઈચ્છાઓ પ્રગટપણે હોય છે. આવી એક એક પ્રકારની ઈચ્છાઓ પણ અનેક પ્રકારે હોય છે. જેમ કે ખાવાની ઈચ્છામાં મીઠાઈ, ફરસાણ, શાક વગેરે અનેક વાનગીઓ ખાવાની ઈચ્છા હોય છે. વળી આવી દરેક ઈચ્છાની પેટા ઈચ્છાઓ પણ અનેક હોય છે. જેમ કે, મીઠાઈ ખાવાની ઈચ્છામાં લાડવા, અડદીયા, મેસુબ, મોહનથાળ, ગુલાબજાંબુ જેવી અનેક મીઠાઈઓ ખાવાની ઈચ્છા હોય છે. આ ઈચ્છાઓનું કોઈ સાધન હોતું નથી તોપણ માની લઈએ કે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી આ સઘળી ઈચ્છાઓનું સાધન છે. તોપણ તેનું સાધન એક જ સમયે એક સાથે થઈ શકતું નથી. પોતાના ભોજનની થાળીમાં ઈચ્છિત સઘળાં પ્રકારની વાનગીઓ હાજર છે. પણ તેને એક સાથે ખાઈ શકાતી નથી. મીઠાઈ ખાઈએ ત્યારે ફરસાણ રહી જાય છે. અને ફરસાણને ન્યાય આપીએ ત્યાં શાક સામે જોવાતું નથી. વળી ખાવામાં ધ્યાન રાખીએ તો સંગીત સાંભળવાનું ચૂકી જવાય છે. અને સંગીત સાંભળવામાં ધ્યાન રાખીએ તો આપણને સન્માન આપનારની સલામ સ્વીકારવામાં ધ્યાન આપી શકાતું નથી. આમ વારાફરતી એક એક ઈચ્છાનું સાધન કરવાથી કોઈ પણ ઈચ્છા પૂરી થતી નથી. ટી.વી.માં એકસો જેટલી ચેનલો ચાલે છે અને આપણને બધી જ ચેનલો જોવાની ઈચ્છા હોય છે. પણ ન્યુઝ જોવા જાય ત્યાં ક્રિકેટની મેચ જોવાતી નથી અને ક્રિકેટનો મેચ બરાબર જામ્યો હોય ત્યાં મનપસંદ મૂવી જોવાનું ચૂકી જવાય છે. તેથી રઘવાયા બનીને ઉપરાઉપરી ચેનલો ચેઈન્જ કરતો રહે છે અને કોઈને પણ શાંતિથી માણી શકતો નથી. આમ અનેક ઈચ્છાઓનું સાધન એક સાથે થઈ શકતું ન હોવાથી તેની દરેક ઈચ્છાઓ અધૂરી જ રહે છે.



ક્રમપૂર્વક એક પછી એક ઈચ્છાઓનું સાધન થવાથી જે ઈચ્છાનું સાધન પુરૂં થયું હોય તે જ ઈચ્છા ફરી જાગૃત થાય છે. જેમકે, ખાવાની ઈચ્છાનું સાધન કર્યા પછી ટીવી જોવાની ઈચ્છા, આરામ કરવાની ઈચ્છા, ફરવાની ઈચ્છા જેવી ઈચ્છાનું સાધન કરીએ ત્યાં ફરી ભૂખ લાગે છે અને ખાવાની ઈચ્છા ઊભી થાય છે. તેથી જ્યાં સુધી એક સાથે સઘળી ઈચ્છાઓનું સાધન ન થાય ત્યાં સુધી ઈચ્છાઓનું એક પછી એક ક્રમપૂર્વક સાધન કરવાનું ચક્ર ચાલુ જ રહે છે અને તેથી કોઈ તૃપ્તિ, શાંતિ કે સુખ મળતું નથી.

વળી આપણી ઈચ્છાઓ ત્રણકાળના સમયો કરતાંય અનંતગણી અધિક છે. તેથી તેનો ક્રમપૂર્વક વારાફરતી સાધન કરવાથી તેનો ક્યારેય અંત આવતો નથી. એક એક સમયે એક એક ઈચ્છાનું સાધન કરીએ તોય આગામી અનંતકાળ પછી પણ અનંત ઈચ્છાઓ બાકી જ રહે છે. તેથી અનંત ઈચ્છાઓનું ક્રમપૂર્વક સાધન સંભવતું જ નથી.

'છદ્મસ્થ જીવનો ઉપયોગ એક સમયે એક જ વિષયમાં કામ કરે છે. તેથી એક સમયે એક જ વિષયમાં લક્ષ આપી શકાય છે અને એક જ ઈચ્છાનું સાધન થઈ શકે છે. એક જ સમયે એકથી વધુ ઈચ્છાઓનું સાધન એક સાથે થઈ શકતુ નથી. ક્રમપૂર્વક સાધન કરવાથી જેનું સાધન થયેલ હોય તે જ ઈચ્છા ફરીથી ઉત્પન્ન થાય છે. અનેક ઈચ્છાઓનું એક સાથે સાધન ન થાય તો કોઈ પણ ઈચ્છાનું કિંચિત્ પણ સાધન સંભવતું નથી અને તેથી કોઈ તૃપ્તિ, શાંતિ કે સુખ શક્ય નથી.

એક જ સમયે એક સાથે અનેક વિષયો પર લક્ષ આપી તેનું સાધન કરી શકે તેવા સર્વજ્ઞ ભગવાન જ હોય છે. પરંતુ તેમને કોઈ પણ ઈચ્છા હોતી નથી. જેને કિંચિત્ પણ ઈચ્છા હોઈ તેવો જીવ છદ્મસ્થ હોય છે અને કોઈ પણ છદ્મસ્થ જીવ એક જ સમયે એક સાથે એકથી વધુ વિષયો પર લક્ષ આપી શકતો નથી.

**પ્રશ્ન : શ્રીમદ્ રાજચંદ્રજીએ એક સાથે સો વિષયો પર લક્ષ આપનારા શતાવધાનનાં પ્રયોગો કરેલા છે. તો તમે એમ કેમ કહી શકો કે છદ્મસ્થજીવ એક સાથે અનેક વિષયો પર લક્ષ આપી શકતો નથી ?**

**ઉત્તર :** કોઈપણ છદ્મસ્થજીવ એક સમયે એક જ વિષય ઉપર લક્ષ આપી શકે છે. શ્રીમદ્ રાજચંદ્રજી તીક્ષ્ણ બુદ્ધિવાળા મહાપ્રજ્ઞાવંત મહાપુરુષ હતા. તેમની સ્મરણશક્તિ, ગ્રહણશક્તિ, કવિત્વશક્તિ વગેરે અદ્ભુત હતા. તેના કારણે તેઓ શતાવધાનનાં પ્રયોગો કરી શક્યા હતા. આ પ્રયોગમાં એક સાથે સો બાબતો ઉપર લક્ષ અપાતું દેખાય તોપણ તે ક્રમપૂર્વક અને વારાફરતી હોય છે. એક સાથે કે યુગપદ્ હોતું નથી.

કેટલાંક ઓફીસરો પણ એક સાથે પાંચ-સાત કામ સાથે કરતાં જણાય છે. તેઓ કોઈ નોંધ લખાવતાં હોય છે, કોઈની સાથે ટેલીફોન પર વાતચીત ચાલતી હોય છે અને કોમ્પ્યુટર ઉપરનું કામ પણ ચાલું જ હોય છે. બહેનો પણ રસોઈ કરતાં બે-ત્રણ વાનગીની એક સાથે સંભાળ રાખે છે, બાળકને હિંચોળે છે અને ટેલીફોન પર વાત પણ કરતી હોય છે. આ રીતે એકથી વધુ કામ એક સાથે દેખાય પણ વાસ્તવમાં તે ક્રમપૂર્વક અને વારાફરતી હોય છે.



પણ ઉપયોગ ઝડપથી બદલાતો હોય છે અને તેથી તે એક સાથે મનાય છે. જેમ કાગડાને અંદરની આંખનો ડોળો અને તેની કીકી એકજ હોય છે પણ બહારમાં આંખના છિદ્રો બે હોય છે. તેનો અંદરનો ડોળો ઝડપથી ફરતો રહે છે તેથી બહારથી એમ જણાય છે કે તે બન્ને આંખોથી જુએ છે. પણ તેને વાસ્તવમાં અંદરમાં એક જ આંખ છે અને તે એક જ આંખથી જુએ છે. તેમ છદ્મસ્થનો ઉપયોગ એક સમયે એક જ વિષયમાં લક્ષ આપી શકે છે અને એક જ ઈચ્છાનું સાધન કરી શકે છે. પણ તેનો ઉપયોગ ઝડપથી બદલાતો રહેવાથી અને તે જુદા જુદા ઉપયોગને અલગ અલગ ગ્રહણ કરી શકતો ન હોવાથી એમ જણાય છે કે એક સાથે અનેક વિષયોનું અને ઈચ્છાઓનું સાધન થાય છે. પણ વાસ્તવમાં તેવું સાધન થતું નથી.

કદાચિત્ માની લઈએ કે આપણે એક સાથે સો કે તેથી વધુ વિષયોનું સાધન કરી શકીએ છીએ. તોપણ આપણી ઈચ્છાઓ જ એવી અનંત છે કે દરેક સમયે સો કે તેથી વધુ વિષયોની ઈચ્છાઓનું સાધન કરીએ તોપણ અનંતકાળ પછી પણ તેનો અંત આવતો નથી.

ઈચ્છાઓનું સાધન યુગપદ્ ન થઈ શકતું હોવાથી અને ક્રમપૂર્વક કરવાથી તેનો ક્યારેય અંત આવતો નથી. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન સંભવતું નથી. ક્રમપૂર્વક એક પછી એક ઈચ્છાઓનું સાધન કરતાં કરતાં મન કંટાળી જાય છે, ધન ખૂટી જાય છે અને શરીર પણ ઘસાઈને નાશ પામે છે. એટલે કે માણસ મરી જાય છે તોપણ તેની આશા-તૃષ્ણાનો કોઈ અંત આવતો જ નથી. કહ્યું પણ છે—

**મન મરે, માયા મરે, મર મર જાય શરીર;**

**આશા-તૃષ્ણા નવ મરે, કહ ગયે દાસ કબીર.**

**ભાવાર્થ :** ઈચ્છાઓનું સાધન યુગપત ન થઈ શકતા અને ક્રમે ક્રમે કરતાં મન થાકે છે, ધન ખૂટે છે અને શરીર પણ નાશ પામે છે. તોપણ આ જીવની એકેય ઈચ્છાનું સાધન સંભવતું નથી અને તેથી અનેક પ્રકારની આશા-તૃષ્ણાઓ કાયમ માટે જીવંત જ રહે છે તેમ ભક્ત કબીર કહી ગયા છે.

(પ્રાચીન દોહરો)

ઉપર મુજબ ઈચ્છાઓનું સાધન યુગપદ્ નથી તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન સંભવતું નથી. તેમ છતાં આપણે માનીએ છીએ કે ઈચ્છાઓનું સાધન યુગપદ્ થાય છે અથવા અમુક અંશે પણ તેનું સાધન થાય છે. તોપણ ઈચ્છાના આવા સાધનથી ઈચ્છાની વૃદ્ધિ જ થાય છે તે બાબતની ચર્ચા કરવામાં આવે છે.

## ૩.૫. ઇચ્છાનુસારના સાધનથી ઈચ્છા ટળવાને બદલે તેની વૃદ્ધિ જ થાય છે

જીવના દુઃખનું સૌથી નજીકનું અને પ્રત્યક્ષ જણાતું કારણ તેની ઈચ્છાઓ છે. વાસ્તવમાં આ ઈચ્છાઓનું કોઈ સાધન હોતું જ નથી પણ ઈચ્છાઓના અભાવનો ઉપાય હોય છે. અજ્ઞાની જીવ ઈચ્છાઓ ઉત્પન્ન જ ન થાય તેવો ઉપાય કરવાને બદલે ઈચ્છાનુસારના સાધનનો જ ઉપાય કરે છે. ઈચ્છાઓનું સાધન પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી હોય છે. પરંતુ જીવની દરેક ઈચ્છા એટલી અગાધ હોય છે કે ગમે તેવા પુણ્યોદયથી પણ તેનું સાધન સંભવતું નથી. જીવની એક ઈચ્છાનું પણ સાધન થતું નથી તો અનંત ઈચ્છાઓનું સાધન કેમ થાય ? ન જ થાય. તેમ છતાં કદાચિત્ માની લેવામાં આવે કે ઈચ્છાનું સાધન થાય છે. તોપણ ઈચ્છાનુસારનો ભોગવટો થતો નથી. કેમ કે, ઈચ્છાનો ભાવ અને ભોગવટાના ભાવમાં સમયભેદ હોવાથી તેનો મેળાપ

થતો જ નથી. તેમ છતાં આપણે માનીએ કે ઈચ્છાનુસારનો ભોગવટો થાય છે તોપણ ઈચ્છિત વિષયોને ભોગવી શકાતા નથી. કેમ કે, જીવ વિષયોને લક્ષે થતાં પોતાના રાગને જ ભોગવે છે પણ પરવિષયોને ભોગવતો નથી. જીવ પરવિષયોને અડતોય નથી તો ભોગવી કેમ શકે ? ન જ શકે. તેમ છતાં માની લેવામાં આવે કે પરવિષયોને ભોગવી શકાય છે. તોપણ અનેક પ્રકારના વિષયોને એક સાથે એટલે કે યુગપદ્ ભોગવી શકાતા નથી. તેથી ઈચ્છાઓનું સાધન યુગપદ્ થતું નથી. તેમ છતાં માની લઇએ કે પરવિષયોને એક સાથે ભોગવી શકાય છે. તેથી ઈચ્છાઓનું સાધન યુગપદ્ થાય છે અથવા અમુક પ્રકારે અમુક વિષયને આંશિકપણે ભોગવી શકાય છે. તેથી અમુક ઇચ્છાનું અમુક પ્રકારે અને અમુક અંશે સાધન થાય છે. તોપણ આ પ્રકારના ઈચ્છાનુસારના સાધનથી ઈચ્છા ટળવાને બદલે તેની વૃદ્ધિ જ થાય છે. તે આ રીતે—

સમુદ્રનું ખારૂં પાણી પીવાથી તરસ છીપતી નથી અને ઊલટાની વધુ તીવ્ર થાય છે. તેમ ઈચ્છાનુસારના સાધનથી ઈચ્છા મટતી નથી અને ઊલટાની તેની વૃદ્ધિ થાય છે. જુઓ, સ્વર્ગના દેવો પહેલાં તો માત્ર દેવાંગનાના રૂપને જ જોવા ઈચ્છે છે પણ ત્યારપછી તેની સાથે વાતચીતની, હાસ્યવિનોદની, સ્પર્શની, રમવાની, ભોગવવાની એમ તેની તૃષ્ણા વધતી જ જાય છે. અરે ! સપ્તધાતુઓથી રહિત પવિત્ર વૈક્રિયિક શરીરના ધારણ કરવાવાળા આ દેવોને વીર્યક્ષરણ નહિ હોવા છતાં મનુષ્યની જેમ શરીર સંબંધ કર્યા વિના તેમની વેદનોકષાયની ઉદીરણા શાંત થતી નથી. વળી આ પ્રમાણે ભોગ ભોગવવા છતાં તેમની તૃષ્ણા સમાપ્ત થતી નથી અને ભિન્ન ભિન્ન દેવાંગનાઓ સાથે ભિન્ન ભિન્ન પ્રકારે ભોગ ભોગવવા તેમનું મન આતુર જ રહે છે.

મનુષ્યને પણ ધન કમાવવાની ઈચ્છા હોય અને તેને ઈચ્છિત ધન મળી પણ જાય તોપણ તેની ઈચ્છા વધતી જાય છે. લાખ રૂપિયા મેળવવાની ઇચ્છા હોય અને ઈચ્છાનુસાર લાખ રૂપિયા મળતાં હવે તેની ઈચ્છા દશ લાખ રૂપિયા મેળવવાની થાય છે. અને દશ લાખ મળતાં એક કરોડની, દશ કરોડની... તેમ તેની ઈચ્છા વધતી જ જાય છે. આ બાબત દર્શાવતી નવાણુંના ચક્ર નામની વાર્તા આપણે અગાઉ પ્રકરણ : ૧૭માં જોઈ ગયા છીએ. આ રીતે ઈચ્છાનુસારની પ્રવૃત્તિથી ઈચ્છા વધતી જ હોય છે. તેથી ઈચ્છાનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું સાધન માનવું તે મિથ્યા છે.

**પ્રશ્ન : ઈચ્છા મટાડવા માટે ઈચ્છાનુસારની પ્રવૃતિનું સાધન હોય છે તો તે મિથ્યા કેમ હોય ?**

**ઉત્તર :** વાસ્તવમાં ઈચ્છાનુસારની પ્રવૃત્તિ એ ઈચ્છા મટાડવા માટેનું કોઈ સાધન જ નથી. ઈચ્છાનુસારનો ભોગવટો કે ઈચ્છાનુસારનું કાર્ય થઈ શકતુ જ ન હોવાથી ઈચ્છાનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું કોઈ સાધન સંભવતું જ નથી. ઈચ્છાનું સાચું સાધન ઈચ્છાઓની ઉત્પત્તિ ન થાય તેવો ઉપાય જ છે. અને તે માટે ઈચ્છાઓનું મૂળ કારણ મિથ્યાત્વને મટાડવું જરૂરી છે.

અજ્ઞાની જીવ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી પોતાના ઈચ્છાઓનું સાધન માને છે. વાસ્તવમાં ઈચ્છાનુસારની આવી પ્રવૃત્તિથી ઈચ્છા મટતી નથી. અને તેથી ઈચ્છાનું કોઈ સાધન થતું નથી. પણ અજ્ઞાની જીવને અજ્ઞાનના કારણે તેવું સાધન થાય છે તેની મિથ્યા માન્યતા હોય છે. તેમ જ મોહભાવના કારણે તેમાં સુખની લાગણી પણ અનુભવાઈ છે. પણ તે ખરેખર અજ્ઞાની જીવની ભ્રાંતિ જ છે.

**પ્રશ્ન : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું સાધન માનવું અને સુખની અનુભૂતિ થવી એ અજ્ઞાની જીવની ભ્રાંતિ કઈ રીતે છે ?**

**ઉત્તર :** અજ્ઞાની જીવને મિથ્યાત્વના કારણે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન મનાય છે અને મોહજન્ય રતિભાવના કારણે તેમાં સુખની અનુભૂતિ હોય છે. તેથી તે ભ્રાંતિ જ છે અને વાસ્તવિકતા નથી. આ બાબતની વિશેષ ચર્ચા આ પછીના પ્રકરણ : ૩૦ માં કરવામાં આવશે. અજ્ઞાનીને ભ્રાંતિજન્ય સુખ જ વાસ્તવિક સુખ ભાસવાથી તેની પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છા ટળવાને બદલે તેની વૃદ્ધિ જ થાય છે.

**પ્રશ્ન : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન થવાથી ઈચ્છા ટળવી જોઈએ પણ તેના બદલે તેની વૃદ્ધિ થાય તે કેવી રીતે ?**

**ઉત્તર :** વાસ્તવમાં પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું કોઇ સાધન થતું જ નથી અને તેથી કોઇ ઇચ્છા ટળતી પણ નથી. તોપણ ભ્રાંતિથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસાર સાધન થાય છે, ઈચ્છા ટળે છે, દુઃખ ટળે છે અને સુખ ઉપજે છે એવી મિથ્યા માન્યતા હોય છે. આવી જૂઠી માન્યતા જ ઈચ્છાની વૃદ્ધિનું જ કારણ બને છે.

સંસારી અજ્ઞાની જીવને અનેક પ્રકારની ઈચ્છાઓ હોય છે. અમુક પ્રકારની ઇચ્છાનું અમુક પ્રકારે આંશિક સાધનની ઉપલબ્ધિ પુણ્યોદય મુજબ હોય છે. પુણ્યોદય અનુસાર જે

પ્રકારના ઇચ્છાના સાધનની ઉપલબ્ધિ હોય તે પ્રકારની ઇચ્છા અને તે સંબંધી દુઃખનો અભાવ થવો જોઇએ. કોઇને લાડવા ખાવાની ઇચ્છા હોય અને પુણ્યોદયથી તેની પ્રાપ્તિ થાય ત્યારે તે સંબંધી ઇચ્છા અને દુઃખ ટળવું જોઇએ. પણ ખરેખર તે ઇચ્છા અને દુઃખ ટળવાને બદલે તેની વૃદ્ધિ જ થાય છે. તેનું કારણ આ મુજબ છે--

પુણ્યદય અનુસારની પ્રવૃત્તિથી અજ્ઞાની જીવને ઈચ્છાનું આંશિક સાધન થવાની સાથે મોહજન્ય રતિભાવથી થતું ભ્રાંતિજન્ય સુખ પણ અનુભવાય છે. અજ્ઞાની જીવના અજ્ઞાનના કારણે તેને આ ભ્રાંતિજન્ય સુખ પણ સાચા સુખપણે મનાય છે. પણ જેમ સ્વપ્નાની સુખડીથી ભૂખ ભાંગતી નથી તેમ ભ્રાંતિજન્ય સુખથી સંતોષ થતો નથી. સ્વપ્નાની સુખડીથી પેટ ભરાતું ન હોવાથી તે વધુ ને વધુ ખાવાની લાલસા થાય છે તેમ ભ્રાંતિજન્ય સુખથી તૃપ્તિ થતી ન હોવાથી તે વધુ ને વધુ ભોગવવાની તૃષ્ણા થાય છે. આ રીતે ઈચ્છાનુસારનું સાધન થવાથી ઈચ્છાની વૃદ્ધિ જ થાય છે.



જગતના બધાં જીવોને સુખ ઈષ્ટ છે. જે જીવે જેમાં સુખ માન્યુ હોય તે સુખ તેને વધુ ને વધુ જોઈએ છીએ. જ્ઞાની ધર્માત્માને પણ સૌ પ્રથમ સ્વાનુભૂતિ થતાં શરૂઆતમાં પાતળી ધારાએ અતીન્દ્રિય આત્મિક સુખનો આહ્લાદ આવે છે ત્યારે તેમને પણ એવી ભાવના હોય છે કે આ સુખ અમને વધુ ને વધુ પ્રાપ્ત થાય. તેથી જ્ઞાની પણ વધુ ને વધુ સુખ માટે પ્રયત્નશીલ રહે છે. જ્ઞાનીથી વિપરીત અજ્ઞાનીએ સંસારના વિષયોમાં અને ધનસંપત્તિમાં સુખ માન્યું છે. તે કહે છે કે જગતમાં ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે. તેથી પૈસા વિના ચાલે નહિ. પણ પૈસાનું પરિમાણ રાખવું. થોડામાં સંતોષ રાખવો. પણ જેમાં સુખ માન્યું હોય તેમાં સંતોષ થાય નહિ.જગતમાં સૌથી વધુ પૈસાદાર માણસને પણ પૈસાથી સંતોષ હોતો નથી. અને તે વધુ ને વધુ પૈસા કમાવવા તેની પાછળ દોડતા જ જણાય છે. તેથી તેને પૈસા માટેની ઈચ્છા વધતી જ જાય છે.

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી જે સુખ અનુભવાય છે તે સુખ સાચું હોતું નથી. પણ સુખનો આભાસ કરાવનારી ભ્રાંતિ હોય છે. ભ્રાંતિજન્ય સુખથી કોઈ તૃપ્તિ થતી નથી અને સુખ માનવાના કારણે તેની લાલસા વધતી જાય છે. તેથી એકંદરે ઈચ્છાની વૃદ્ધિ જ થાય છે. આ બાબત નીચે જળોના દૃષ્ટાંત આધારે સમજાવવામાં આવે છે.

**દૃષ્ટાંત :** જળોને દુષિત લોહી પીવાની ઈચ્છા હોય છે. પુણ્યોદયના પ્રતાપે તેને દુષિત લોહીની પ્રાપ્તિ થવાથી તેની ઈચ્છાનું આંશિક સાધન મનાય છે. અને તે દુષિત લોહીના ભોગવટામાં મોહજન્ય રતિભાવનું કહેવાતું સુખ પણ વેદાય છે. આવું અલ્પ સુખ વેદાવાથી તેવું સુખ વધુ પ્રમાણમાં મેળવવાની ઈચ્છા વધતી જાય છે. તેથી તેની દુષિત લોહી પીવાની આસક્તિમાં ઓર વધારો થાય છે. તેથી તે વધુ વેગથી દુષિત લોહી પીએ છે. તેથી તેનું મોહજન્ય સુખ પણ વધુ વધે છે. જેમ જેમ આવું સુખ વધતું જાય છે તેમ તેમ તેની તે માટેની તૃષ્ણા પણ એકદમ વધતી જાય છે. તેથી તે જળો દુષિત લોહી પીવાનું કયારેય બંધ કરતી નથી અને વધુ ને વધુ તીવ્રતાથી તેને પીવાનું ચાલુ જ રાખે છે. અને ફાટી પડી મરણનું દુઃખ ભોગવે છે.

**સિદ્ધાંત :** અજ્ઞાની જીવને અનેક પ્રકારની ઈચ્છાઓ હોય છે. પુણ્યોદયના પ્રતાપે તેની અમુક પ્રકારની ઈચ્છાનું આંશિક સાધન મનાય છે. અને તે ઈચ્છાનુસારના સાધનમાં તેને મોહજન્ય રતિભાવનું કહેવાતું સુખ પણ વેદાય છે. આવું અલ્પ સુખ વેદાવાથી તે સુખ વધુ પ્રમાણમાં મેળવવાની નવી ઈચ્છા ઉત્પન્ન થાય છે. તેથી જે ઈચ્છાનું સાધન થયું તે જ ઈચ્છાની તીવ્રતામાં ઓર વધારો થાય છે. પુણ્યોદયજન્ય પ્રવૃત્તિથી તેનું વધુ સાધન વધુ વેગથી કરવામાં આવે છે. તેથી તેનું મોહજન્ય સુખ પણ વધુ વધે છે. જેમ જેમ આવું સુખ વધતું જાય છે તેમ તેમ તેના માટેની તૃષ્ણા પણ એકદમ વધતી જાય છે. તેથી તે જીવ પોતાની ઈચ્છાનુસારનું સાધન કયારેય બંધ કરતો નથી. અને વધુ ને વધુ વેગથી તેનું સાધન ચાલુ જ રાખે છે. અને મરણના દુઃખને પણ ગણકાર્યા વિના આવું સાધન ચાલુ રાખી મરણ સુધીનું દુઃખ ભોગવે છે.

ઉપરોક્ત દૃષ્ટાંત-સિદ્ધાંતના આધારે સમજી શકાય છે કે ઈચ્છાનું આંશિક સાધન થવાથી ઈચ્છામાં રાહત થવી જોઈએ. પણ તેની સાથે મોહજન્ય રતિભાવનું કહેવાતું સુખ સામેલ હોવાથી તેવું સુખ વધુ ને વધુ મેળવવાની ભાવના રહે છે. તેથી તેવા પ્રકારની ઈચ્છા પણ વધુ ને વધુ વધતી જાય છે. ઈચ્છાની વૃદ્ધિથી એકંદરે દુઃખની જ વૃદ્ધિ થાય છે.

જેમ ખુજલી ખંજવાળવાથી ખંજવાળમાં રાહત જણાય છે પણ તેની સાથે અંદરમાં બળતરા વધે છે. તેથી એકંદરે ખુજલી વધે જ છે અને ઘટતી નથી. તેમ ઈચ્છાનું સાધન થવાથી ઈચ્છામાં રાહત જણાય છે પણ તેની સાથે અજ્ઞાનીને અંદરમાં તે ઈચ્છા વધે છે. તેની એકંદરે ઈચ્છાની વૃદ્ધિ જ

થાય છે અને તે ઘટતી નથી.


પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન થવાથી ઈચ્છામાં રાહત થવી જોઈએ. અને તે ઈચ્છાના કારણે થતાં દુઃખમાં પણ રાહત થવી જોઈએ. પણ આવા સાધનમાં મોહજન્ય સુખ ભાસવાથી તે પ્રકારની ઈચ્છા વધતી જાય છે. તેથી ઈચ્છા ટળવાને બદલે વધતી જ જાય છે. પણ આ બાબત માત્ર અજ્ઞાનીને જ લાગુ પડે છે અને જ્ઞાનીને લાગુ પડતી નથી.

**પ્રશ્ન : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન થવાથી ઈચ્છાની વૃદ્ધિ અજ્ઞાનીને થાય છે પણ જ્ઞાનીને થતી નથી. તેનું કારણ શું છે ?**

**ઉત્તર :** જ્ઞાનીને પોતાની ભૂમિકા અનુસારની અસ્થિરતાજન્ય ઈચ્છાઓ હોય છે. અને તેની પીડા સહી ન શકવાથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી તેને ઈચ્છાનુસારનું સાધન પણ હોય છે. પણ જ્ઞાનીનું આ સાધન તેની ઈચ્છાની વૃદ્ધિનું કારણ થતું નથી. તેનું કારણ જ્ઞાની પાસે રહેલ જ્ઞાન અને વૈરાગ્યનું સામર્થ્ય છે. તે આ પ્રમાણે—

**જ્ઞાનનું સામર્થ્ય :** જ્ઞાનીના બધાં ભાવો જ્ઞાનમય હોય છે. તેને વસ્તુસ્વરૂપની સાચી સમજણ છે. આત્મિક અતીન્દ્રિય સુખનો અનુભવ પણ છે. તેને પોતાના સુખ-દુઃખ વચ્ચેનો વિવેક છે. તેના કારણે આત્મિક અતીન્દ્રિય સુખ સિવાય મોહજન્ય સુખને તેઓ સુખ સમજતા નથી. તેથી તેને આવા સુખની કોઈ લાલસા થતી નથી અને ખેદ જ થાય છે. અસ્થિરતાજન્ય ઈચ્છાઓ અને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતા ઈચ્છાનુસારના સાધનને પોતાની નબળાઈ માને છે અને તેને દૂર કરવા માટે તેઓ ઉદ્યમશીલ હોય છે. તેથી તેમની ઈચ્છાનું સાધન તેની ઈચ્છાની વૃદ્ધિનું કારણ બનતું નથી. આ બાબતની વિશેષ સમજૂતી આ નીચે વિષવૈદ્યના દૃષ્ટાંતે આપવામાં આવે છે.

**દૃષ્ટાંત :** કોઈ વ્યક્તિ ઝેરનો ભોગવટો કરે તો તે ભોગવટાથી મરણ પામે છે. પણ વિષવૈદ્ય તે જ ઝેરના ભોગવટાથી તે મરણ પામતો નથી. કેમ કે, વિષવૈદ્ય પાસે મંત્ર-તંત્ર, ઔષધ વગેરે અમોઘ વિદ્યાનું સામર્થ્ય છે, તે બીજા કોઈ પાસે હોતું નથી. આ વિદ્યાના સામર્થ્યથી તે ઝેરની મારણ કરાવવાની શક્તિનો અભાવ કરે છે. તેથી તે વિષવૈદ્ય ઝેર પીવા છતાં મરતો નથી.



દૃષ્ટાંત :૧: જ્ઞાનના સામર્થ્યના કારણે જે ઝેરથી કોઈ વ્યક્તિ મરણ પામે છે પણ વિષવૈદ્ય મરતો નથી

દૃષ્ટાંત :૨: વૈરાગ્યના સામર્થ્યના કારણે જે દારૂથી દારૂ પ્રત્યે આસક્તિ ધરાવનારને નશો ચઢે છે પણ નફરત રાખનાર વિવેકી સજ્જનને નશો ચઢતો નથી

સિદ્ધાંત : પુણ્યોદયજન્ય પ્રવૃત્તિથી અજ્ઞાનીને ઈચ્છાની વૃદ્ધિ થાય છે પણ જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્યનું સામર્થ્ય હોવાથી ઈચ્છાની વૃદ્ધિ થતી નથી

**સિદ્ધાંત :** તેમ કોઈ અજ્ઞાની ઈચ્છાનુસારનું સાધન કરે તો તેની સાથે થતાં મોહજન્ય સુખના કારણે તેની ઈચ્છા ટળવાને બદલે વૃદ્ધિ જ પામે છે. પણ જ્ઞાની તેવી જ ઈચ્છાનુસારનું સાધન કરે તોપણ ઈચ્છાની વૃદ્ધિ પામતો નથી. કેમ કે, જ્ઞાની પાસે સુખ-દુઃખનાં વિવેક અને આત્મિક સાચા સુખનો અનુભવ જેવા જ્ઞાનનું અમોઘ સામર્થ્ય છે, તે કોઈ અજ્ઞાની પાસે હોતું નથી. આ જ્ઞાનના સામર્થ્યથી તે ઈચ્છાનુસારના સાધનથી થતાં મોહજન્ય રતિભાવને સુખ માનતા નથી. તેથી તે ઈચ્છાનુસારના સાધનથી થતી ઈચ્છાની વૃદ્ધિના કારણનો અભાવ કરે છે. તેથી તે જ્ઞાની પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન કરતો હોવા છતાં તેની ઈચ્છાની વૃદ્ધિ થતી નથી.

**વૈરાગ્યનું સામર્થ્ય :** જ્ઞાનીને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતાં ઈચ્છાનુસારના સાધનથી તેની ઈચ્છાની વૃદ્ધિ થતી નથી તેનું બીજું કારણ તેના વૈરાગ્યનું સામર્થ્ય છે. જ્ઞાનીને આત્મિક સાચા સુખની પ્રાપ્તિ અને અનુભવ હોય છે. તેથી તેઓ જગતનાં વિષયજન્ય કહેવાતાં સુખને સાચું સુખ માનતા નથી. અને તેઓ તેને દુઃખ જ માને છે. તેથી તેમને તેમના પ્રત્યે તીવ્ર વૈરાગ્ય હોય છે. આત્મિક અતિન્દ્રિય સુખ પાસે કહેવાતું સાંસારિક ઈન્દ્રિય સુખ તેમને સડેલા તરણાં જેવું તુચ્છ ભાસે છે. આવા સુખ પ્રત્યે તેમને નફરત અને ઘૃણા છે. જ્ઞાનીને પુરુષાર્થની કમજોરી અને કર્મની બળજોરીના કારણે થતા પરચારિત્રના કારણે સ્વભાવનો ઘાત અને તેથી થતી ઈચ્છાઓ હોય છે. ઈચ્છાની પીડા સહન ન થવાથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન પણ હોય છે. પણ તેમ છતાં જ્ઞાની આવા સાધનથી પોતાનું સુખ સમજતા નથી. વૈરાગ્યના કારણે આવા સાધનથી દૂર રહેવાનો જ ઉપાય કરે છે. તેથી તેમની ઈચ્છાનું સાધન તેમની ઈચ્છાની વૃદ્ધિનું કારણ બનતું નથી. આ બાબતની વિશેષ સમજૂતી આ નીચે દારૂના દૃષ્ટાંતે આપવામાં આવે છે.

**દૃષ્ટાંત :** જેને દારૂ પ્રત્યેની તીવ્ર આસક્તિ છે તેવા દારૂડિયાને દારૂ પીવાથી તે દારૂ તેને નશો કરાવે છે. દારૂના નશામાં જ પોતાનું સુખ સમજનારો દારૂડિયો વધુ ને વધુ દારૂ પીવા માટે લોલુપ રહે છે. તેથી દારૂ પીવાથી તેની દારૂ પ્રત્યેની તૃષ્ણા વધતી જ જાય છે. પણ કોઈ દારૂ પ્રત્યે તીવ્ર નફરત ધરાવતા વિવેકી પુરુષને કોઈ બળજબરીથી દારૂ પીવડાવી દયે તોપણ તેને તે નશો કરાવી શકતું નથી. તે વિવેકી પુરુષના દારૂ પ્રત્યેના તીવ્ર વૈરાગ્યનું જ સામર્થ્ય છે.

**સિદ્ધાંત :** તેમ જેને વિષયોની તીવ્ર આસક્તિ છે તેવા અજ્ઞાનીને ઈચ્છિત વિષયોનો ભોગવટો થવાથી તે ભોગવટો તેની વિષયોની આસક્તિમાં વધારો જ કરાવે છે. વિષયોના ભોગવટામાં જ પોતાનું સુખ સમજનારો અજ્ઞાની વધુ ને વધુ વિષયો ભોગવવા માટે લોલુપ રહે છે. તેથી વિષયોના ભોગવટાથી તેની વિષયો પ્રત્યેની તૃષ્ણા વધતી જ જાય છે. પણ વિષયો પ્રત્યે તીવ્ર નફરત ધરાવતા જ્ઞાની પુરુષને કર્મની બળજોરીથી તે જ વિષયોના ભોગવટો હોય તોપણ તેને તે વિષયોની આસક્તિ વધારી શકતું નથી. તે જ્ઞાની પુરુષના વિષયો પ્રત્યેના તીવ્ર વૈરાગ્યનું જ સામર્થ્ય છે.

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું જે સાધન માનવામાં આવે છે તે કોઈ વાસ્તવિક સાધન હોતું જ નથી. કેમકે, આવા સાધનથી અજ્ઞાનીની ઈચ્છાઓ બિલકુલ શાંત થતી નથી અને તે ઊલટાની વધુ જ ભડકી ઊઠે છે. તેથી જ કહ્યું છે કે—

सोचा करता हूँ भोगों से, बुझ जावेगी इच्छा-ज्वाला ।
परिणाम निकलता है लेकिन, मानों पावक में घी डाला ।।

**ભાવાર્થઃ** એવું વિચારવામાં આવે છે કે ઈચ્છાનુસારનો ભોગવટો કરવાથી તૃષ્ણાગ્નિ શાંત થશે પણ તેમ થતું નથી. અને તેવા ભોગો ભોગવવાનું પરિણામ અગ્નિમાં ઘી હોમવા જેવું આવે છે. એટલે કે ઈચ્છાનુસારનો ભોગવટો કરવાથી ઈચ્છાઓ ટળવાને બદલે તેની વૃદ્ધિ જ થાય છે.
(યુગલકિશોરકૃત દેવ-શાસ્ત્ર-ગુરુ પુજાની જયમાલા : દોહરો ૧૫)

## ઉપસંહાર

આ જીવના દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ છે અને સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ છે. તેથી દુઃખ ટાળી સુખનું પ્રગટાવવા માટે મિથ્યાત્વ મટાડી સમ્યક્ત્વ પ્રગટ કરવું એ જ એક માત્ર વાસ્તવિક ઉપાય છે. પણ અજ્ઞાની જીવ પોતાનું દુઃખ ટાળવા માટે ઈચ્છાનુસારના સાધનનો જ ઉપાય કર્યા કરે છે. પણ આ ઉપાય એકદમ જૂઠો છે. ઈચ્છાઓનું એકમાત્ર સાધન પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે. પણ આવી પ્રવૃત્તિથી ઈચ્છાઓનું કોઈ પણ સાધન થતું નથી.

બીજા પાસે કાંઇ ઇચ્છવું કે માંગવું એ મરવા બરાબર કહેવાય છે. બીજા પાસે માંગનાર ભીખારી કહેવાય. ભીખારી જેની પાસે જે હોય તેની પાસે તે માંગનાર હોય. પરંતુ જેની પાસે જે ચીજ જ નથી તેની પાસે તે માંગનાર ભીખારી નહિ પણ મૂર્ખ જ કહેવાય. પરવિષયોમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિ છે પણ સુખ છે જ નહિ. તેમ છતાં તેમાંથી સુખની માંગણી રાખવી એ નરી મૂર્ખામી જ કહેવાય.

કોઈ મનુષ્ય ધન કમાવવા માટે ધંધો કરે છે અને ચોપડામાં તેને નફો દેખાય છે. પણ તેના ઘરમાં હાંડલા હડીયું કાઢે છે. ઘરમાં ખાવાની ખીચડીય નથી. પોતે પૈસાની તકલીફમાં છે. તો આવા સંજોગોમાં તેણે પોતાનો હિસાબ ફરી તપાસવો જોઈએ કે કોઈ જાણકાર પાસે તે જોવડાવવો જોઈએ. અને તેમ કરવાથી તેને ખ્યાલ આવશે કે પોતે ચોપડા જ ખોટા ચીતરે છે. પોતાની ખતવણી જ ખોટી છે. ખરેખર પોતે નફામાં નથી પણ નુકશાનમાં છે. તો પછી તે આવો નુકશાનીનો ધંધો છોડી નફાનો ધંધો કરવાનો ઉપાય કરશે. તેમ આ જીવ અનાદિકાળથી સુખ માટેની જ પ્રવૃત્તિ કરે છે. પુણ્યોદય અનુસારની પ્રવૃતિથી થતા ઈચ્છાનુસારના

સાધનમાં તે પોતાનું સુખ માને છે. પણ આ કહેવાતું સુખ પરાધીન, બાધાવાળું, ખંડિત, વિષમ અને બંધનું કારણ છે. તે અત્યંત આકૂળ પણ છે. જો જગતમાં આને જ સુખ કહેવાય તો પછી દુઃખ કોને કહેવાય ? વાસ્તવમાં પોતે એક ઘડી માટેય કિંચિત્ પણ સુખને પ્રાપ્ત થતો નથી. સાચા સુખમાં નિરાકુળતા, શાંતિ અને સમાધિ હોય. પણ ઈચ્છાનુસારનું સાધન થવાં છતાં પોતાને આકુળતા, અશાંતિ અને અસમાધિ જ હોય છે. તેથી તેણે જાતે જ પોતાની પરિસ્થિતિને તપાસવી જોઈએ કે કોઈ જ્ઞાની પાસે તે જોવડાવવી જોઈએ તો તેને ખબર પડશે કે પોતે દુઃખ મટાડવા માટે જે ઉપાય કરે છે તે તદ્દન જૂઠો છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી પોતે સુખી થતો નથી પણ દુઃખી જ થાય છે. તો પછી તે આવો દુઃખ મટાડવાનો ખોટો ઉપાય છોડી સાચો ઉપાય કરવાનો પ્રયત્ન કરશે.

ઉગમણી દિશામાં જવા માટે કોઈ આથમણી દિશામાં દોટ મૂકતો હોય તેણે સૌ પ્રથમ પોતાની દોટ બંધ કરી ત્યાંથી પાછા વળી સાચી દિશામાં કદમ માંડવા જોઈએ. તેમ દુઃખ મટાડવાનો ખોટો ઉપાય બંધ કરી ત્યાંથી પાછા વળી સાચા ઉપાયને સમજી અને સ્વીકારીને તેને અપનાવવો જોઈએ.

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન થવાથી જે ધનસંપત્તિ અને ભોગોપભોગ મળે છે અને તેમાં સુખ માનવામાં આવે છે તે કોઈ વાસ્તવિક સુખ નથી. પારમાર્થિક સુખ પાસે તેની કોઈ કિંમત નથી. સાચુ સુખ તો સમ્યક્ત્વરૂપી સત્‌ધર્મને ધારણ કરવામાં જ હોય છે. આ બાબત શ્રીમદ્ રાજચંદ્રજી નીચેના શબ્દોમાં કહે છે—



(કવિત)

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય,
ખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનું ?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,
દોલતનો દોર હોય, એ તે સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય,
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું;
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યા વિના,
જાણી લેજે સુખ એ તો, બે એ જ બદામનું !

ભાવાર્થ : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતા ઈચ્છાનુસારના સાધનમાં કહેવાતું સુખ ભલે સાહ્યબીવાળું હોય, અભિમાનના નશાથી ચકચૂર હોય, બધા ખમા ખમા પોકારી પોતાની ખુશામત કરતા હોય પણ તે બધું આત્માને શું કામનું ? કોઈ જ કામનું નથી. જોમવંત જુવાની હોય, એશઆરામના ફણગા ફુટી નીકળ્યા હોય, દોલતના કારણે દોરદમામ હોય પણ તે બધુ સુખ નામ માત્રનું જ છે.

મનમોહક સ્ત્રીનો વિલાસ હોય, પ્રૌઢાવસ્થા પ્રકાશરૂપ હોય, ચતુર અને આજ્ઞાકારી સેવકો હોય, સઘળી સુવિધાઓવાળું નિવાસસ્થાન હોય તોપણ સમ્યક્ત્વરૂપી સદ્ધર્મને ધારણ કરવાથી પ્રાપ્ત થતા આત્મિક સુખ વિના આવા સાંસારિક સુખની કોઈ કિંમત જ નથી, તેમ શ્રીમદ્ રાજચંદ્રજી આપણને કરૂણા કરીને કહે છે. (શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૧૭માં પહેલા, આંક ૪, કવિત્ત નં. ૧, પાનુ ૯)

## ટિપ્પણ

૧. ભવાભિનંદી : સાંસારિક સુખમાં રાજીપો માનનાર. ●૨. ઉપપેદાશ : પેટાફળ, ગૌણ રૂપમાં થતું ફળ કે ઉપજ ●૩. ઉદ્યત : ઉદ્યમી, ખંતીલુ, નિશ્ચયવાળું, તત્પર, ●૪. અભિરત : ભોગોમાં રત, અત્યંત અસક્ત. ●૫. મર્મછેદક : મર્મસ્થાનને છેદનાર, હૃદયને વીંધનાર, મર્મભેદી. ●૬. પાણીઢોળ : શ્રાદ્ધક્રિયા, સંબંધોનો અંત આણવો. ●૭. ત્રાહિમામ : મારું રક્ષણ કરો કે બચાવો બચાવો એવો ઉદ્‌ગાર. ●૮. અગાધ : ગાધ નહીં તેવું, અતિ ઊંડું, ગંભીર, પાર ન પામી શકાય તેવું. ●૯ છદ્મસ્થ : અલ્પજ્ઞ, અધૂરા જ્ઞાનવાળો.

## સંદર્ભ સાહિત્ય


પ્રાસ્તાવિક ૧. આત્માનુશાસન : શ્લોક – ૨, ૧૮, ૧૯, ૨૦, ૨૧ ●૨. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪૨૮ ●૩. નિયમસાર : તાત્પર્યવૃત્તિ : શ્લોક ૨૯

૧. અજ્ઞાની જીવનો દુઃખ મટાડવા માટેનો એકમાત્ર ઉપાય : ઈચ્છાનુસારનું સાધન ૧. વેદવ્યાસકૃત મહાભારતમાં યયાતિના કથનનો શ્લોક; ●૨. મોક્ષમાર્ગ પ્રકાશક : અધ્યાય ૩: સર્વદુઃખનું સામાન્ય સ્વરૂપ : પાનું ૭૫; ●૩. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૧૯, ૨૦, ૨૫, ૨૭૩ અને તેની ટીકા; ●૪. સમયસાર : ગાથા ૪ અને તેની ટીકા.

૨. ઈચ્છાઓનું એકમાત્ર સાધન : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ૧. પ્રવચનસાર : ગાથા ૭૩ થી ૭૭ અને તેની ટીકા; ●૨. ભગવતી આરાધના : ગાથા ૧૭૩૧; ●૩. કુરલકાવ્ય : ૩૮/૬; ●૪. પદ્મનંદી પંચવિંશતિઃ : અધ્યાય ૧, શ્લોક ૧૮૮, ૧૮૯; ●૫. ધર્મામૃત અનગાર : અધ્યાય ૧, શ્લોક ૨૬ થી ૬૩; ●૬. મહાપુરાણ : સર્ગ ૩૭, શ્લોક ૨૦૦; ●૭. આત્માનુશાસન : શ્લોક ૨૩, ૩૧, ૩૭; ●૮. તુલસીદાસનો દોહરો; ●૯. શ્રીમદ્ રાજચંદ્ર : અપૂર્વ અવસર કાવ્યની કડી : ૭; ●૧૦. બહેનશ્રીના વચનામૃત : નં. ૨૮.

૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન સંભવતું નથી ૧. પ્રવચનસાર : ગાથા ૭૫ અને તેની ટીકા ૩.૧. ઈચ્છાની અગાધતા ૧. ઉત્તરાધ્યયન સૂત્ર : ૯/૪૮; ● ૨. જ્ઞાનાર્ણવ : ૨૦/૨૮; ●૩. ઈષ્ટોપદેશ : ગાથા ૧૭ અને તેની ટીકામાં ઉદ્ધૃત ચંદ્રપ્રભકાવ્યનો શ્લોક; ●૪. આત્માનુશાસન : શ્લોક ૩૬, ૧૫૬, ૧૫૭. ૩.૨. ઈચ્છાનુસારનો ભોગવટો થતો નથી ૧. સમયસાર : ગાથા ૨૬ અને તેની ટીકા. ૩.૩. પરવિષયોને ભોગવી શકાતા જ નથી ૧.પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૨૭, ૬૭, ૬૮, અને તેની ટીકા; ●૨.સમયસાર : ગાથા ૩૨૦નો ભાવાર્થ; ●૩.સમયસાર : ગાથા ૮૩, ૮૫, ૧૦૨ અને તેની ટીકા. ૩.૪. ઈચ્છાઓનું સાધન યુગપત થતું નથી ૧. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧/૧૫/૧૩/૬૧/૨૬; ●૨. શ્લોકવાર્તિક : ૩/૧/૧૫/ શ્લોક ૨-૪/૪૩૭; ●૩. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૩૦૮ - ૩૦૯ ની ટીકા; ●૪. જૈ. સિ. કોશ : મતિજ્ઞાન : ૩/૨, પાનુ ૨૫૩; ●૫. પ્રાચીન દોહરો. ૩.૫. ઈચ્છાનુસારના સાધનથી ઈચ્છાને ટળવાને બદલે તેની વૃદ્ધિ જ થાય છે ૧. શ્રીમદ્ રાજચંદ્ર : મોક્ષમાળા : શિક્ષાપાઠ નં. ૪૯; ●૨. જ્ઞાનાર્ણવ : સર્ગ ૨૦, શ્લોક ૩૦; ●૩. સમયસાર : ગાથા ૧૯૫, ૧૯૬ અને તેની ટીકા; ●૪. સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક ૧૩૪, ૧૩૫; ●૫. પ્રવચનસાર : ગાથા ૭૪, ૭૫, અને તેની ટીકા; ●૬. યુગલકિશોરજીકૃત દેવશાસ્ત્રગુરુની પૂજામાં નૈવેદ્ય પૂજા અને જયમાલાનો દોહરો નં. ૧૫.

ઉપસંહાર ૧. શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૧૭માં પહેલા આંક ૪, કવિત્ત નં. ૧, પાનુ ૯.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ ચોરસમાં દર્શાવો.**

**૧. ઈચ્છાને મટાડવાનો ઉપાય શો ?** ૧.☐
A. મિથ્યાત્વનો અભાવ કરવો
B. ઈચ્છાનુસારનો ભોગવટો કરવો
C. ઈચ્છાથી વિરુદ્ધ કાર્ય કરવું
D. કોઈ ઉપાય જ નથી

**૨. જીવના દુઃખનું સીધું અને પ્રત્યક્ષ કારણ શું છે ?** ૨.☐
A. ઈચ્છા B. આકુળતા
C. મિથ્યાત્વ D. પાપનો ઉદય

**3. અજ્ઞાની જીવ દુઃખ મટાડવા માટે ઈચ્છાનુસારના સાધનનો જ ઉપાય કરતો આવ્યો છે. તેનું કારણ શું ?** 3.☐
A. ઈચ્છાનુસારના સાધન સિવાય અન્ય કોઈ ઉપાયની જાણ નથી
B. ઈચ્છાનુસારના સાધનથી કહેવાતા સુખનો અનુભવ થાય છે
C. દુઃખનું મૂળ કારણ ઈચ્છાઓનો ઉદ્ભવ હોવાથી
D. ઈચ્છાનુસારનું સાધન કરવાની અનાદિની કુટેવ

**૪. અજ્ઞાની જીવની ઈચ્છાનું સાધન શું છે?** ૪.☐
A. ઈચ્છિત વિષયોના ભોગવટો
B. પૈસા કમાવવાનો પુરુષાર્થ
C. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ
D. મોહજન્ય સુખના પરિણામ

**૫. પુણ્યોદયઅનુસારની પ્રવૃત્તિમાં શેનો સમાવેશ નથી ?** ૫.☐
A. શરીરની ક્રિયા
B. જીવના મોહયુક્ત પરિણામ
C. જીવનો બહિર્લક્ષી અવળો પુરુષાર્થ
D. જીવના પુણ્યભાવ

**૬. અજ્ઞાનીની ઈચ્છાનું સાધન માનવામાં કાર્યકારી શું છે?** ☐
A. વિષયોનો ભોગવટો B. ભગવાનની મરજી
C. જીવનો પુરુષાર્થ D. પુણ્યનો ઉદય

**૭. પાપનો ઉદય કઈ રીતે દૂર થાય છે ?** ૭.☐
A. પાપના ઉદયને દૂર કરવાના પ્રયત્નથી
B. ભગવાનની કૃપાથી
C. પુણ્યના ઉદયથી
D. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી

**૮. અજ્ઞાનીની ઈચ્છાઓનું સાધન થવાથી શું થાય ?** ૮.☐
A. ઈચ્છાઓ શમી જાય
B. ઈચ્છાઓ વધી જાય
C. ઈચ્છાઓ ઘટી જાય
D. ઈચ્છાઓ જેમ ને તેમ જ બની રહે

**૯. અજ્ઞાનીની ઈચ્છાઓનું સાધન ક્યા પ્રકારના પુણ્યોદયથી સંભવે છે ?** ૯.☐
A. કોઇ પણ પુણ્યોદયથી સંભવતું નથી
B. કોઇ પણ પુણ્યોદયથી સંભવે છે
C. તીર્થંકર જેવા સર્વોત્કૃષ્ટ પુણ્યોદયથી સંભવે છે
D. પુણ્યોદયથી નહિ પણ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી સંભવે છે

**૧૦. અજ્ઞાનીની ઈચ્છાની અગાધતા કેવી ?** ૧૦.☐
A. જેની પાસે વિશ્વ એક અણુ સમાન હોય તેવી
B. લોકાકાશ જેવી
C. સ્વયંભૂરમણ સમુદ્ર જેવી
D. અનંત તીર્થંકરોના અનંત પુણ્યોદયથી પૂરાય તેવી

**૧૧. ઈચ્છાનું સાધન થયું ક્યારે કહેવાય ?** ૧૧.☐
A. ઈચ્છાનુસારનો ભોગવટો થાય ત્યારે
B. મોહજન્ય સુખ થાય ત્યારે
C. ઈચ્છિત વિષયોની પ્રાપ્તિ થાય ત્યારે
D. ઈચ્છાની આંશિક પૂર્તિ થાય ત્યારે

**૧૨. ઈચ્છાનો ભાવ અને ભોગવટાના ભાવનો મેળાપ ન થવાનું કારણ શું નથી ?** ૧૨.☐
A. પાપનો ઉદય
B. બન્ને એકજ ચારિત્ર ગુણના વિકારીભાવો છે
C. બન્ને નાશવંત અને ક્ષણિક છે
D. બન્ને વચ્ચે કાળભેદ છે

**૧૩. ક્યા પ્રકારના ભાવ અન્ય અન્ય દ્રવ્યોમાં ન હોવાથી પરવિષયોને ભોગવી શકાતા નથી ?** ૧૩.☐
A. સાધ્ય-સાધન B. ભાવક-ભાવ્ય
C. આધાર-આધેય D. વ્યાપક-વ્યાપ્ય

**૧૪. પરવિષયોનો ભોગવટો એ વાસ્તવમાં શેનો ભોગવટો છે ?** ૧૪.☐
A. પરવિષયોના પરિણામનો
B. પરવિષયો સંબંધી પોતાના જ્ઞાનનો
C. પરવિષયોના લક્ષે થતા પોતાના રાગનો
D. પરવિષયોમાંથી પ્રાપ્ત થતા સુખનો

**૧૫. શા માટે ઈચ્છાઓનું સાધન ક્રમપૂર્વક શક્ય નથી ? ૧૫. ☐**
A. ક્રમપૂર્વક પૂરું સાધન થતું ન હોવાથી
B. ક્રમપૂર્વક સાધન કરતાં પુણ્યનો ઉદય પૂરો થઈ પાપનો ઉદય શરૂ થઈ જતો હોવાથી
C. ઈચ્છાઓના સાધન સિવાય અન્ય પણ ઘણી કામગીરી હોવાથી
D. ઈચ્છાઓ અનંત અને અગાધ હોવાથી

**૧૬. એક જ સમયે એક સાથે અનેક વિષયો પર લક્ષ આપી શકે તેવો જીવ કયો ? ૧૬. ☐**
A. શતાવધાની B. અહમિન્દ્ર
C. ઋદ્ધિધારક મુનિ D. સર્વજ્ઞ ભગવાન

**૧૭. અજ્ઞાની જીવ એક પછી એક ઈચ્છાઓનું સાધન કરતો હોવા છતાં શું થતું નથી ? ૧૭. ☐**
A. મન કંટાળીને થાકી જતું નથી
B. ધન ખૂટતું નથી
C. ઈચ્છાઓ ટળતી નથી
D. શરીર ક્ષીણ થતું નથી

**૧૮. પુણ્યોદય અનુસારની પ્રવૃતિથી વાસ્તવમાં ઈચ્છાનું કોઈ સાધન ન હોવા છતાં તેમાં ઈચ્છાનું સાધન મનાય જવાનું કારણ શું ? ૧૮. ☐**
A. ભ્રાંતિજન્ય સુખ
B. મિથ્યાત્વ
C. ઈચ્છાની આંશિક પૂર્તિ
D. છદ્મસ્થદશા

**૧૯. પુણ્યોદયઅનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન થવાથી ઈચ્છા ટળવાને બદલે વધે છે તેનું કારણ શું ? ૧૯. ☐**
A. મોહજન્ય રતિભાવ અને મિથ્યાત્વ
B. ઈચ્છાની અનંતતા અને અગાધતા
C. સાચા સુખની અસમજણ અને અસ્વીકાર
D. ઈચ્છાના સાધનની ઓછપ અને ઊણપ

**૨૦. પુણ્યોદયઅનુસારની પ્રવૃતિથી ઈચ્છાનુસારનું સાધન થવાથી ઈચ્છાની વૃદ્ધિ અજ્ઞાનીને થાય છે પણ જ્ઞાનીને થતી નથી તેનું કારણ શું ? ૨૦. ☐**
A. જ્ઞાનીના જ્ઞાન અને વૈરાગ્યનું સામર્થ્ય
B. જ્ઞાનીના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું બળ
C. જ્ઞાનીનો સુખ અને દુઃખ વચ્ચેનો વિવેક
D. જ્ઞાનીની સિદ્ધિ અને ઋદ્ધિનું પરિણામ

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નો એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.**

૧. આ જીવની સઘળી પ્રવૃત્તિ શા માટેની હોય છે ?
૨. દુઃખનું સીધું અને પ્રત્યક્ષ કારણ શું છે ?
૩. ઈચ્છા નામનો રોગ કેવો છે ?
૪. ઈચ્છા નામનો રોગ મટાડવાનો શો ઉપાય છે ?
૫. ઈચ્છાનું સાધન કોને કહે છે ?
૬. ઈચ્છાનું સ્વરૂપ શું છે ?
૭. ઈચ્છાના ત્રણ પ્રકારના નામ આપો ?
૮. વિષયની ઈચ્છા કોને કહે છે ?
૯. મનુષ્યને કયા ઈન્દ્રિયનાં વિષય સેવનની ઈચ્છા હોય છે ?
૧૦. કષાયની ઈચ્છા કોને કહે છે ?
૧૧. પાપના ઉદયને દૂર કરવાની ઈચ્છા કોને કહે છે ?
૧૨. ઈચ્છાનું સાધન કરતી પ્રવૃત્તિને પુણ્યોદય અનુસારની પ્રવૃતિ શા માટે કહે છે ?
૧૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું સાધન સંભવતું નથી તેના કારણોના મુદ્દાઓ જણાવો.
૧૪. અજ્ઞાનીની ઈચ્છાઓ કેવી હોય છે ?
૧૫. ભોક્તા–ભોગ્યપણું ક્યાં હોય છે ?
૧૬. આત્મા ખરેખર કોનો ભોક્તા હોય છે ?
૧૭. માણસ મરી જાય તો પણ કોનો અંત આવતો નથી ?
૧૮. ઈચ્છાનુસારનું સાધન કરવાથી શું થાય છે ?
૧૯. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું સાધન માનવું તે શું છે ?
૨૦. સાચું સુખ શેમાં છે ?

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. અજ્ઞાની જીવનો દુઃખ મટાડવા માટે ઈચ્છાનુસારના સાધનનો જ ઉપાય કરવાના કારણો આપો ?
૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ એટલે શું ?
૩. ઈચ્છા એટલે શું ? તેના પ્રકારના નામ આપો.
૪. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન કઈ રીતે હોય છે ?
૫. અજ્ઞાનીની ઈચ્છાઓની અનંતતા અને અગાધતાનું કારણ શું ?
૬. શા માટે ઈચ્છિત વિષયોની પૂર્તિની વાંછા વૃથા જ છે ?
૭. શા માટે ઈચ્છા અને ભોગવટાના ભાવનો મેળાપ થતો નથી ?
૮. ઈચ્છાનુસારનો ભોગવટો કેમ થતો નથી ?
૯. શા માટે પરવિષયોને ભોગવી શકાતા જ નથી ?
૧૦. શા માટે ઈચ્છાઓનું સાધન યુગપત થતું નથી ?
૧૧. શા માટે એક સમયે એક થી વધુ વિષયો પર લક્ષ આપી શકાતું નથી ?
૧૨. ઈચ્છા મટાડવા માટે થતી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું સાધન મિથ્યા શા માટે છે ?
૧૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનું સાધન માનવું અને સુખની અનુભૂતિ થવી તે અજ્ઞાની જીવની ભ્રાંતિ કઈ રીતે છે ?
૧૪. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન થવાથી ઈચ્છા ટળવી જોઈએ પણ તેના બદલે તેની વૃદ્ધિ જ થાય છે તે કેવી રીતે ?
૧૫. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાનુસારનું સાધન થવાથી ઈચ્છાની વૃદ્ધિ જ્ઞાનીને થતી નથી તેનું કારણ સમજાવો.

## વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. પ્રકરણનો કોઈપણ એક મુદ્દો કે પેટા મુદ્દો પસંદ કરી તેના પર પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન સંભવતું નથી તે બાબત ઉપર સંવાદ તૈયાર કરીને તે ભજવો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. જીવ પોતાના દુઃખ મટાડવા માટે ઈચ્છાનુસારના સાધનનો ઉપાય અનેક પ્રકારે કરે છે તે દરેક ઉપાય જૂઠો છે તેની વિશદ સમજૂતિ ઉદાહરણપૂર્વક પૂરી પાડો.
૨. સાચા સુખી હોય એવા કોઈ જ્ઞાની ધર્માત્માનો પરિચય આપી તેમના સુખ વિષેના વિચારો જણાવો.